**સુવિચાર**
મૂર્ખનું હૃદય તેની જીભ ઉપર હોય છે, જ્યારે સમજદારનું સુખ તેના હૃદયમાં હોય છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૭/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

હરિ ૐ PENDAWALA SINCE 1999
દર રવિવારે
શુદ્ધ શિંગતેલમાં બનાવેલુ
રજવાડી ઊંધિયું મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ વદ-૧૦ વર્ષ : ૧૬ અંક : ૧૮૮

## જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતની પત્રકાર પરિષદમાં માંગ

# કૃષિ પેકેજમાં કપાસ સાથે મગફળી સહિતનાં પાકોનો સમાવેશ કરો

**ભાજપ સરકાર અમરેલી જિલ્લાનાં ખેડૂતોને અન્યાય ઉપર અન્યાય જ કર્યા કરતી હોવાનો આક્ષેપ**

**વર્ષ ૨૦૨૪માં થયેલ અતિવૃષ્ટિમાં નુકસાનીનાં સર્વેમાં અમરેલી જિલ્લાની બાદબાદી કરવામાં આવી હતી**

**બાદમાં કોંગ્રેસ પક્ષની રજૂઆત બાદ સર્વેમાં અમરેલી જિલ્લાનો સમાવેશ કરાયા બાદ અને હવે પૂનઃ અન્યાય**

**ગત વર્ષે થયેલ અતિવૃષ્ટિમાં મગફળી, સોયાબીન સહિતનાં પાકોમાં થયેલ નુકસાનીનું વળતર ન ચુકવાય તો આંદોલન કરાશે**



અમરેલી, તા. ૧૯
અમરેલી જિલ્લાનાં ખેડૂતો સાથે ભાજપ સરકાર વ્હાલા-દવલાની નીતિથી કામ કરતી હોવાનો આક્ષેપ પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે કર્યો છે.

તેઓએ આજે અમરેલી ખાતે આવેલ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું કે, વર્ષ ૨૦૨૪માં અમરેલી જિલ્લામાં થયેલ અતિવૃષ્ટિથી મગફળી, કપાસ, સોયાબીન સહિતનાં તમામ ખેતી પાકોને નુકસાન થયેલ. બાદમાં રાજય સરકારે સર્વેની કામગીરીમાં અમરેલી જિલ્લાની બાદબાકી કરી હતી અને કોંગ્રેસ પક્ષની રજૂઆત બાદ અમરેલી જિલ્લાનો સર્વેમાં સમાવેશ કરવાની ફરજ પડી હતી.

વધુમાં જણાવ્યું કે, તાજેતરમાં ગત વર્ષે થયેલ ખેતી પાકોને નુકસાનને લઈને જાહેર કરવામાં આવેલ કૃષિ પેકેજમાં અમરેલી જિલ્લામાં માત્ર કપાસમાં થયેલ નુકસાનીનું વળતર આપવાનો નિર્ણય કર્યો છે યોગ્ય નથી. કારણ કે અમરેલી જિલ્લામાં કપાસ ઉપરાંત મગફળી, સોયાબીન સહિતનાં પાકોને પણ અતિવૃષ્ટિથી વ્યાપક નુકસાન થયેલ હોવાથી તમામ પાકોની નુકસાનીની સહાય ચુકવવામાં આવે.

અંતમાં જણાવેલ છે કે, રાજય સરકાર ૧૦ દિવસમાં તમામ પાકોની નુકસાની અંગે સહાય જાહેર ન કરે તો ગામડે-ગામડે ખાટલા બેઠક, ગ્રામસભા, આંદોલન અને જરૂર પડયે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં જવાની પણ ચીમકી પણ અંતમાં આપી હતી.

### ખાંભા નજીક આવેલ

## મોટા બારમણમાં પાણીની ટાંકી તુટવાથી ગરીબ પરિવારને નુકસાન

**ગરીબ પરિવારને જરૂરી મદદ કરવા માંગ ઉભી થઈ**



અમરેલી, તા. ૧૯
ખાંભા તાલુકાના મોટા બારમણ ખાતે પાણીનો ટાંકો પડતા ગરીબ પરિવાર બદરૂભાઈ ટપુભાઈ કહોરના ઘરને નુકસાન થયું છે તે કોઈ મીડિયામાં કે સરકારને ચોપડે દેખાડવામાં આવતું નથી. તો આ પરિવારને માત્ર પાણી પુરવઠા વિભાગ ધ્વારા ૧૦૦ જેટલા નળીયા આપવામાં આવેલ છે. તો આ બાબતે તંત્રએ અને સરકારે ઘટતું કરી આ પરિવારને સહાય કરવા વિનંતી.

### લૂંટના ઈરાદે વૃધ્ધ દંપતીને મોતને ઘાટ ઉતારતા ભારે રોષ

## વડિયા : ઢુંઢીયા પીપળીયાનાં ડબલ મર્ડર કેસનાં આરોપીઓને કડક સજા આપવાની માંગ સાથે વિશાળ રેલી યોજાઈ

**આરોપીઓનુ મુખ્ય બજારમાં સરઘસ કાઢવાની માંગ કરી**



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ-વડિયા

વડિયા, તા. ૧૯
વડિયાના ઢૂંઢિયા પીપળીયા ગામે વૃદ્ધ ખેડૂત દંપતી ચકુભાઈ રાખોલીયા અને કુંવરબેન રાખોલીયાની કરવામાં આવેલી ઘાતકી હત્યાના પડઘા બીજા દિવસે વડિયા ખાતે જોવા મળ્યા હતા. વડિયા સીવીલ હોસ્પિટલ ખાતે પીએમ માટે લાવવામાં આવેલાં મૃતદેહ ને જયાં સુધી આરોપીઓ પકડાય નહિ ત્યાં સુધી અસ્વીકાર કરવાના એલાન સાથે ઢૂંઢિયા પીપળીયા ગામના લોકો મોટી સંખ્યામાં વડિયા સીવીલ હોસ્પિટલ

અનુસંધાન પાના ૬ ઉપર

### પોલીસ વિભાગ લાલ આંખ કરે

## બગસરામાં દેશી-વિદેશી દારૂનું દુષણ વધી રહ્યું હોય કાર્યવાહી કરવી જરૂરી

**રોમિયોગીરી અને લુખ્ખાગીરી પણ વધી**



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૧૯
આજકાલ બગસરા શહેરમાં દારૂનું દુષણ ખુબ વ્યાપક પ્રમાણમાં વધી ગયું હોય તેમ લાગી રહયું છે. શહેરના ખૂણે ખૂણે દેશી તેમજ ઈંગ્લિશ દારૂ વેચાઈ રહેલ છે. બુટલેગરો પોલીસને હપ્તા આપી

અનુસંધાન પાના ૬ ઉપર

### કર્મચારીઓ ડેકોરેશન અને ફોટોસેશનમાં વ્યસત

## અમરેલીમાં બેન્ક ઓફ બરોડાનાં ૧૧૮માં સ્થાપના દિને ગ્રાહકોની સેવા કરવાનુ ભુલી જવાયુ

**ગ્રાહકોને બેન્કની સેવાને લઈને હંમેશા ફરિયાદ**




અમરેલી, તા. ૧૯
આપણાં ગુજરાતીમાં કહેવત છે કે, ઘરડા ગાડાં પાછા વાળે, પરંતુ બેંક ઓફ બરોડાની સ્થાપનાના ૧૧૮ વર્ષ થયા ત્યારે ૧૧૮ વર્ષની બેંકમાં આજે પણ લોકોને મળવી જોઈએ તેવી સગવડતા મળતી નથી. ત્યારે બેંકની સ્થાપનાની ઉજવણી કરતાં અમરેલીની બેંક ઓફ બરોડાના મુખ્ય બ્રાંચના સ્ટાફે માત્ર ફોટો સેશન કરવાના બદલે બેંકમાં લાઈટના અભાવે પાસબુકમાં એન્ટ્રી

અનુસંધાન પાના ૬ ઉપર

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
88,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૯/૦૭/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૩૧૩૬૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૭૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિદા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
- ઉદાસી રોગ
- મરવાના વિચાર આવવા
- વિચારવાયુ
- વહેમ, શંકા
- મંદબુધ્ધિ બાળકોની સારવાર
- ચિંતા - ટેન્શન
- માથાનો દુ:ખાવો
- જાતિય રોગો
- વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, ફાકી
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...

## રાજયનાં કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાનો વિદ્યુતવેગી પ્રવાસ

# અમરેલી જિલ્લાની સિંચાઈ અને પાણીની વિકાસલક્ષી યોજનાની સમીક્ષા

**બાબરા ગૃપ સુધારણા પાણી પુરવઠા યોજના અન્વયે વિવિધ વિકાસલક્ષી ૮૫ ટકા કામગીરી પૂર્ણ**

**સિંચાઈ અને પીવાનાં પાણીનાં તમામ પ્રશ્નોને દૂર કરવામાં આવશે**

**ઠેબી જળાશય પૂર્ણ કક્ષાએ ભરાવાથી ૨૦ ગામોને થશે ફાયદો**

**નાયબ દંડક કૌશિક વેકરિયા, ધારાસભ્ય કાકડીયા પણ સાથે જોડાયા**














અમરેલી, તા. ૧૯

રાજય સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અમરેલી જિલ્લાની મુલાકાતે છે. જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીએ અમરેલી જિલ્લામાં ખેતીલક્ષી સિંચાઈ યોજનાઓ, જૂથ પાણી પુરવઠા સુધારણા યોજના અન્વયે વિવિધ પ્રગતિ તળેના વિકાસલક્ષી કામોની સમીક્ષા કરી હતી.

બાબરા, ચલાલા, મોરઝર–ધારી, રાજુલાના મોટી ખેરાળી, ખાંભાના જીકીયાળી સહિતના પાણી પુરવઠા હેડ વર્કસ સ્થળ, ઠેબી ડેમ સાઈટ–અમરેલી સહિતના સ્થળે જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીએ મુલાકાત લીધી હતી અને વિવિધ હેડ વર્કસ ખાતે પાણી સંગ્રહને લઈને પાણીના સંપ, વોટર ટ્રીટમેન્ટ સુવિધા, પાણીના ટાંકા સહિતના પ્રગતિ હેઠળના વિકાસકામોને લઈને અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. મંત્રીએ પ્રગતિ હેઠળના વિવિધ વિકાસકામો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે ઉપસ્થિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

પ્રતાપપુરા–અમરેલી સ્થિત ઠેબી ડેમ સાઈટ મુલાકાત વેળાએ મંત્રીએ જણાવ્યું હતું કે, ઠેબી ડેમને પૂર્ણ સપાટી સુધી ભરવા માટે વારંવાર રજૂઆતો મળી હતી. ઠેબી ડેમ પૂર્ણ સપાટી સુધી ભરવા માટે જમીન સંપાદનલક્ષી સમસ્યા ઉકેલવામાં આવી છે. અંદાજે રૂા. ૧૫ કરોડથી વધુની રકમને મંજૂરી આપવામાં આવી છે. આ ડેમ પૂર્ણ સપાટી સુધી ભરવામાં આવશે એટલે અમરેલી શહેર સહિત આસપાસના ૨૦થી વધુ ગામોને પીવાના પાણીનો લાભ ત્વરાએ મળશે.

વધુમાં મંત્રીએ ઉમેર્યુ કે, સૌરાષ્ટ્રમાં ખેતી માટે સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યા સહિતના પડતર પશ્નોનો વહેલી તકે ઉકેલ આવશે. છેવાડાના વિસ્તારોમાં પીવાનું શુદ્ધ પાણી પહોંચે તે માટે ગુજરાત સરકાર દ્વારા શકય તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ઠેબી ડેમ જળાશયમાં હાલ પાણીનું લેવલ ૧૨૪.૨ મીટર છે. ઠેબી ડેમ સિંચાઈ યોજના પૂર્ણ સપાટીએ ભરાતા જળસંગ્રહ શકિતમાં ૪૬ ટકાનો વધારો થશે. જેનાથી વધારાનું ૪૯૪ કરોડ લીટર પાણી સંગ્રહ થશે. સાથે અમરેલી શહેર સહિત આસપાસના વિવિધ ગામોને પીવાના પાણીનો લાભ મળશે. તેમજ આસપાસના વિસ્તારમાં ભૂગર્ભ જળસ્તર ઉંચા આવશે અને ખેડૂતોને પણ પરોક્ષ લાભ મળશે.

બાબરા ગૃપ સુધારણા પાણી પુરવઠા યોજના અન્વયે ફિલ્ટર પ્લાન્ટ, પાણીની ઉંચી ટાંકી, સમ્પ, પમ્પ હાઉસ ગ્રેવીટી મેઈન પાઈપલાઈન સહિતના વિકાસલક્ષી કામો પ્રગતિ હેઠળ છે. આ યોજના અન્વયે જૂન–૨૦૨૫ અંતિત ૮૫.૫૦ ટકા ભૌતિક સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે.

ધારી પાણી પુરવઠા જુથ સુધારણા યોજના અન્વયે છેવાડાના ગામડાઓમાં પીવાના પાણીની સમસ્યાનો ત્વરાએ ઉકેલ આવે તે માટે પાઈપલાઈન નેટવર્ક, હયાત તેમજ સુચિત હેડવર્કસ ખાતે સમ્પ, પંપહાઉસ, ઉંચી ટાંકી સહિતના કામો પ્રગતિ હેઠળ છે. મોરજર–ધારી હેડવર્કસ ખાતે ૭૫ લાખ લીટર ક્ષમતાના ભૂગર્ભ સમ્પ બનાવવાની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે.

જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની વિવિધ સ્થળ મુલાકાત વેળાએ ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી–વડીયા–કુંકાવાવ વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, ધારી–બગસરા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડિયા સહિતના પદાધિકારીઓ, અમરેલીના સંબંધિત વિભાગના અધિકારીઓ, સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### અંદાજિત રૂપિયા ૭૮ લાખનો ખર્ચ

## કુંકાવાવ : ઈશ્વરીયા પ્રાથમિક શાળાનું નાયબ દંડકનાં હસ્તે ભૂમિપુજન થયુ

**નાયબ દંડકે નિયમાનુસાર કામ કરવા સુચના આપી**



અમરેલી, તા. ૧૯

અમરેલી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે અમરેલી જિલ્લો ઉત્તમથી સર્વોત્તમ બનવા તરફ ગતિ કરી રહ્યો છે. આ કડીના ભાગરૂપે અમરેલી– વડીયા–કુંકાવાવનાં ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિક ભાઈ વેકરીયા હસ્તે કુકાવાવ તાલુકાના ઈશ્રીયા ખાતે અંદાજિત રૂ. ૭૮ લાખનાં ખર્ચે તૈયાર થનાર શાળાનું ખાતમુહુર્ત કર્યુ હતું.

આ પ્રસંગે તેઓએ જણાવ્યું કે, શિક્ષણ ફક્ત વ્યક્ગિત કારકિર્દી માટે જ પૂરતું નથી, માનવ કલ્યાણ અને રાષ્ટ્રહિતનો ભાવ પણ તેમાં રહેલો હોય છે. નવા વિચારો, નવી ઊર્જા અને નવા આત્મવિશ્વાસ સાથે ભવિષ્યના આધુનિક અમરેલીના ઉત્કર્ષના સારથી બનો.

અમરેલી જિલ્લો પણ શિક્ષા ક્ષેત્રે પાછળ ન રહે તે માટે અથાક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને તેના થકી જ અમરેલી–કુંકાવાવ વિસ્તારમાં રૂ. ૧૮ કરોડથી વધુના ખર્ચે અમરેલી કુકાવાવ તેમજ વડીયા વિસ્તારની પ્રાથમિક શાળાઓના ઓરડા મંજૂર કરવામાં આવ્યા છે.

જેના અંતર્ગત ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક દ્વારા ઈશ્વરિયા ખાતે અંદાજિત રૂ. ૭૮ લાખના ખર્ચે નિર્માણ પામનાર પ્રાથમિક શાળાનું ખાતમુહુર્ત કર્યુ, જેમાં ૭ નવા કલાસરૂમ, મધ્યાહન ભોજન રસોડું તેમજ કંપાઉન્ડ વાલ બનાવવામાં આવશે.

તેઓએ શાળાઓના ઓરડાંઓનું કામ મજબૂત અને ગુણવત્તા યુક્ત થાય તે જોવા અધિકારીઓ અને ગ્રામજનોને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે કુંકાવાવ તાલુકા પંચાયત પ્રમુખશ્રી પરસોતમ હીરપરા, માર્કેટિંગ યાર્ડના નવનિયુક્ત ચેરમેન ગોપાલભાઈ અંટાળા, રમેશભાઈ સાકરીયા સહિત સ્થાનિક સંગઠનના પદાધિકારીઓ, ગ્રામ પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સહિત બહોળી સંખ્યામા સ્થાનિકો ઉપસ્થિક રહ્યા હતા.

## રાજુલા તાલુકા પેન્શનર મંડળની બેઠક મળી



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૧૯

રાજુલા તાલુકામાં સરકારી નિવૃત કર્મચારી કે જે ફેમિલી પેન્શન મેળવતા હોય જેનું મોટુ સંગઠન ઊભું થયું છે. તે પેન્શન મંડળની મિટીગ વિશાળ સંખ્યામાં ગાયત્રી શકિત પીઠ હોલમાં મળી હતી. તેમાં અમરેલી જિલ્લા પેન્શન મંડળના પ્રમખ રાજુભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમણે પેન્શનરોને કાયદાકીય સમજ આપી હતી તેમજ જે કાંઈ પ્રશ્ર હોય તે મને રૂબરૂ અથવા ફોનથી જણાવશો તો પણ ઉકેલી આપીશ તે ખાતરી આપી હતી. આ મિટિંગમાં જાફરાબાદ તાલુકા પેન્શનર મંડળના પ્રમુખ રચના કરવામાં આવી હતી. તેમા પ્રમુખ તરીકે મેરૂભાઈ મકવાણા ઉપપ્રમુખ ભુપતભાઈ જોશી અને બચુભાઈ ચૌહાણ તેમજ મંત્રી તરીકે ભણકુભાઈ ચાંદુ અને સહમંત્રી તરીકે મંગળાબેન ગોંડલીયા તેમજ ખજાનચી તરીકે ભાયાભાઈ વાળાની સર્વ સંમતિથી નિમણુક કરવામાં આવી હતી તેમજ સલાહકાર સમિતિમાં પ્રવીણભાઈ જાની, કે.એમ. જાની, મનાતરભાઈ જીલુભાઈ ચુડાસમા, ચંદુભાઈ જાની, બાલાભાઈ વરૂ, અજયભાઈ પાઠક, સુલેમાનભાઈ ગાહા, મનુભાઈ ધાખડા, અરવિંદભાઈ જોશી, કિશોરભાઈ જાની, કલ્યાણભાઈ ચૌહાણ, જીલુભાઈ હિમાસિયા, જસાભાઈ મેર, વી.ડી. મહેતાની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી. આ મિટિંગ મળ્યાબાદ તમામ પેન્શનરોએ સાથે ભોજન લીધું હતું. એમ પેન્શનર મંડળના પ્રમુખ મેરૂભાઈ મકવાણાની યાદી જણાવે છે.

### જિલ્લા પંચાયતના સદસ્ય દ્વારા

## જુની હળિયાદ ગામમાં દબાણ દુર ન થતા કોર્ટમાં જવા તૈયારી

**કલેકટર સહિત તમામને આખરી નોટિસ આપવામાં આવી**

બગસરા, તા. ૧૯

બગસરા તાલુકાના જુની હળિયાદ ગામે રહેલા દબાણને દૂર કરવા માટે છેલ્લા પંચાયતના સદસ્ય હવે હાઈકોર્ટમાં જવા સુધીની નોબત આવી છે. તંત્ર એ દબાણ દૂર કરવા આત્મવિલોપનની ચિંતા કામન થતા આખરે કલેકટર સહિત જિલ્લાના તમામ અધિકારીઓને નોટિસ આપવામાં આવી છે.

મળેલ માહિતી મુજબ જુની હળિયદ ગામે છેલ્લા ત્રણ વર્ષથી ગામમાં રહેલા દબાણો દૂર કરવા માટે જિલ્લા પંચાયતના સદસ્ય ચંદુભાઈ વાગડીયાએ અવારનવાર અરજીઓ દ્વારા સરપંચથી માંડી જિલ્લા વિકાસ અધિકારી અને કલેકટરને દબાણ દૂર કરવા માટે માંગ કરેલ હતી. તેમ છતાં પંચાયત દ્વારા કોઈપણ કાર્યવાહી કરવામાં ન આવતા આખરે એક માસ પૂર્વે ચંદુભાઈ વાગડીયાએ આત્મવિલોપનની ચીમકી આપી હતી. ત્યારે તંત્રએ ફરી એકવાર સમાધાન કરી દબાણ કરનારને નોટિસ આપી હતી. પરંતુ આ નોટિસને ઘણો સમય વીતી જવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા જિલ્લા પંચાયતના સદસ્ય ચંદુભાઈ વાગડીયાએ સમગ્ર પ્રકરણ કોર્ટમાં લઈ જવા માટે તજવીજ હાથ ધરી છે. જેની આખરી નોટિસ જિલ્લા કલેકટર જિલ્લા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારી, બગસરા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સરપંચ તથા તલાટીને પાઠવી દીધી છે. આ બાબતે ચંદુભાઈ વાગડીયાના જણાવ્યા અનુસાર જયાં સુધી તંત્ર દબાણો દૂર કરવાની કાર્યવાહી નહીં કરે ત્યાં સુધી આ મુદ્દે પોતે મક્કમ હોવાનું જણાવ્યું હતું. હવે તંત્ર આગામી દિવસોમાં પોતાની કાર્યવાહી કરે છે. કે કોર્ટના આદેશની રાહ જોશે તે જોવાનું રહેશે.


સંજય ટાયર્સ સંજય ટ્રેડલીંક

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કુલ સામે, અમરેલી

સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો–રૂમ પાસે, અમરેલી.



ટાયર–ટ્યુબ, ઓઈલ–ગ્રીસ, વ્હીલ પ્લેટ -ઘરા, જેક-ફીલ્ટર, બેટરી રીટેઈલ તથા હોલસેલ

કોમ્પ્યુટર રાઈઝ એલાઈમેન્ટ, બેલેનસીંગ, ઓટોમેટીક ટાયર ફીટીંગ, નાઈટ્રોજન એર, સર્વિસ ઉપલબ્ધ

YOKOHAMA CEAT JK TYRE MRF apollo EUROGRIP BRIDGESTONE GOODYEAR ALLIANCE MICHELIN Castrol HP TAPARIA BOSCH ASCENSO RUBBER KING JAINSON

### અમરેલી ખાતે સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતા

# બગસરા સહકારી મંડળી શાખા રાજકોટના કરજદારને સજા કાયમ રાખવામાં આવી

### એડવોકેટ ચદ્રેશ બી. મહેતા તથા અશોક બી. વાળાની દલીલો સફળ




બગસરા, તા. ૧૯

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી શાખા રાજકોટના સભાસદ બીનાબેન અનીતભાઈ પરમાર તા. ૨૯/૩/૨૦૧૮ ના રોજ રકમ રૂ. ૧,૦૦,૦૦૦/- પૂરાનું ધિરાણ લીધેલ થયેલ શરતો મુજબ લોનની રકમ ભરતા ન હોય મંડળીએ તેમની પાસે લોનની રકમની વસુલાત કરતા કરજદારએ મંડળીના લોન તથા વ્યાજ પેટીની રકમ રૂપિયા ૧,૧૭,૪૭૩/- પુરાનો ચેક મંડળીને આપેલો ત્યારબાદ મંડળીએ બેંક ખાતામાં નાખતા ફંડ ઈનસફીશ્યન્ટના શેરા સાથે પરત ફરતા મંડળીએ નામદાર અમરેલી ચીફ કોર્ટમાં ફરિયાદ દાખલ કરેલ તે ફરિયાદ નામદાર એડી.જયુડી.મેજી.જજની કોર્ટમાં ચાલી જતાં નામ.એડી.જયુડી.મેજી જજે આરોપીને એક વર્ષની સજા કરેલ અને ચેક મુજબની રકમ રૂ.૧,૧૭,૪૭૩/- પુરા ફરિયાદી મંડળીને ચૂકવી આપવા તેવો હુકમ કરેલ. જે હુકમથી નારાજ થઈ આરોપીએ નામ સેશન્સ કોર્ટમાં ફોજદારી અપીલ નંબર ૮/૨૦૨૫થી ફરિયાદ દાખલ કરેલ તે નામદાર સેશન્સ કોર્ટમાં કેસ ચાલતા મંડળી વતી એડવોકેટ ચંદ્રેશ બી. મહેતા તથા અશોક બી. વાળાએ ધારદાર દલીલો તથા જરૂરી આધાર પુરાવાઓ રજૂ કરતાં નામદાર સેશન્સ કોર્ટ નીચેની કોર્ટનો હુકમ કાયમ રાખેલ છે, આ ચુકાદાથી સંસ્થામાંથી જે હેતુસર લોન લઈ સમયસર ન ભરનાર બાકીદારોમાં ભય સાથે ફફડાટ વ્યાપી ગયેલ, તેમ મંડળી વતી ફરીયાદી ફિલ્ડ ઓફિસર જયદીપ નાકરાણીની યાદી જણાવેલ છે.

### ભાજપ કિસાન મોરચાનાં અગ્રણી હિરેન હિરપરાની માંગ

# અમરેલી જિલ્લાનો પ્રધાનમંત્રી ધન-ધાન્ય યોજનામાં સમાવેશ કરો

### કેન્દ્રીય કૃષિ મંત્રી, રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો



અમરેલી, તા. ૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં વડપણ હેઠળની કેન્દ્ર સરકારે દેશના ૧૦૦ જિલ્લાઓમાં ધન-ધાન્ય કૃષિ યોજના શરૂ કરવા જઈ રહી છે. કેન્દ્રીય કેબિનેટ ધ્વારા આ યોજનાને મંજુરીઆપવાબદલદેશનાપ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને ગુજરાત ભાજપ કિસાનમોરચેઅભિનંદનપાઠવ્યાછે.

દેશનાં ૧૦૦ જિલ્લાઓ જે ખેતઉત્પાદનમાંઅલ્પવિકસિતરહ્યાછે તેવા જિલ્લાઓના ખેડૂતોની ખેતીમાં સુધારોલાવીનેખેતીસાથેજોડાયેલાકેન્દ્ર સરકારના ૧૧ વિભાગોના સંયુકત પ્રયત્નોથી કૃષિ ઉત્પાદન વધારવાનો, ટકાઉખેતી, લણણીપછીગ્રેડીંગ, શોટીંગ, ગોડાઉન, કોલ્ડસ્ટોરેજઅનેસસ્તીલોન ઉપરાંત કૃષિ વૈજ્ઞાનિકો અને અધિકારીઓનાસતતસુપરવિઝનહેઠળ આયોજનાચાલશે. જેનાસારાપરિણામો આવશે.

અમરેલી જિલ્લો એ માત્ર ખેતીઆધારિતજિલ્લોછે. આજિલ્લામાં કુદરતેઅમાપવિકાસનીતકોઆપીછે. જેમકે, દરિયા કિનારો, ટુરીઝમ, એગ્રો બેઈઝ અને હેવી ઈન્ડસ્ટ્રીઝની શકયતાઓ, એજયુકેશન હબ ઉપરાંત બળવાનજમીનઅનેમહેનતકશખેડૂતો છતાંરોજગારીઅનેવિકાસમાંઅમરેલી જિલ્લો પાછળ રહ્યો છે. ખેતી માત્ર એક મુખ્યઆધારછે. ત્યારેપ્રધાનમંત્રીધન-ધાન્યકૃષિયોજનામાંઅમરેલીજિલ્લાનો સમાવેશ કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, કૃષિમંત્રીશિવરાજસિંહ ચૌહાણ, રાજયનામુખ્યમંત્રીભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને લેખિતરજૂઆતગુજરાતભાજપકિસાન મોરચાનાપ્રદેશમહામંત્રીઅનેઅમરેલી ભાજપનાંપૂર્વપ્રમુખહિરેનહિરપરાએ રજૂઆત કરી છે.

### પા.પૂ. મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અને નાયબ દંડક કૌશિક વેકરિયા દ્વારા

# અમરેલીનાં નાના માચીયાળા ખાતે સ્વયંભુ બિરાજમાન શ્રી ભીમનાથ મંદિરે ધ્વજારોહણ કરવામાં આવ્યું

### તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાલ અને તેમની ટીમે ઠેબી ડેમ પૂર્ણ કક્ષાએ ભરવા નિર્ણયની ખૂશીમાં ધ્વજારોહણ કાર્યક્રમ યોજયો



અમરેલી, તા. ૧૯

તાજેતરમાં કૌશિક વેકરિયાના પ્રયત્નોથી રાજય સરકાર તરફથી મળેલ મંજૂરી અન્વયે આગામી દિવસોમાં ઠેબીસિંચાઈ યોજના પૂર્ણ સપાટીસુધીભરવામાંઆવશે. આ માટે ડૂબમાંજતીજમીનનુંસંપાદનકરવાઅને નવોરસ્તોબનાવવારાજયસરકારદ્વારા મંજૂરીઆપવામાંઆવીહતીઅનેતેના માટે અંદાજિત રૂા. ૧૩ કરોડ ૬૦ લાખના ખર્ચે ૧૭ હેકટર કરતા વધુ જમીનનુંસંપાદનકાર્યહાથધરાશે.

આબાબતેઅમરેલીતાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ દ્વારા અગાઉ અમરેલી વિધાનસભાના ધારાસભ્ય કૌશિક વેકરિયાને રજૂઆત કરવામાં આવેલ હતી. જનતા માટે કામ કરવાની ધગશ અનેકુનેહનેકારણેઠેબીસિંચાઈયોજનાને પૂર્ણ સપાટીએ ભરવાના લેવડાવેલા મહત્વપૂર્ણનિર્ણયનોઆવકારકરવાતથા ૩૧ વર્ષ જૂનાપ્રશ્નનુંનિરાકરણઆવતા ડેમ આસપાસના ૧૦ જેટલા ગામોના સરપંચો સહિતની ટીમ દ્વારા અમરેલી પધારેલા પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈબાવળિયાતથાધારાસભ્ય કૌશિક વેકરિયાનું સન્માન કાર્યક્રમ રખાયો હતો તથા સુનિયોજિત પાણી પુરવઠોમળીરહેતેહેતુથીઠેબીડેમસંપૂર્ણ ભરાઈ શકે તે માટે વધારાની જમીન સંપાદન માટે રાજય સરકાર દ્વારા આપવામાં આવેલી મંજૂરી સંદર્ભે અમરેલી તાલુકાના વિવિધ ગામોના સરપંચો તેમજ ખેડૂતો સાથે મુલાકાત કરાવેલ તથા ભવિષ્યના આયોજન સંદર્ભેબંનેદિગ્ગજનેતાઓદ્વારાજરૂરી વાર્તાલાપ કર્યો હતો.

ખુશ ખબર સારા સમાચાર ખુશ ખબર TATA AIA LIFE INSURANCE ખુશ ખબર સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
વધારાની આવક મેળવો અને આર્થિક રીતે સ્વતંત્ર બનો
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



નવનીત ઓટો સેન્ટર
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254



મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

ફ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો
તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ | મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

॥ વંદે માતરમ્ ॥


જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો.કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
- કાનમાંથી નિકળતી રસી,ફુગ,મેલ માટે નિદાન અને સારવાર
- કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન ➤ કાનની બુહનું ઓપરેશન
- એલર્જી, ચક્કર, સાયનસનું નિદાન અને સારવાર
- સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
- એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
- $CO_2$ લેસર સર્જરી
- થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન MAHAJAN કેટરર્સ
ALL CATERING SOLUTIONS
EARLY MORNING BED TEA
BREAKFAST & SECOND BREAKFAST
WEL COME COLDRINKS - ELEVENSES
BRUNCH - LUNCH
AFTERNOON TEA & HIGH TEA
SUPPER - DINNER - LATE NIGHT SNAKES
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.



પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ

તા.૨૦-૦૭-૨૦૨૫


**પ્રકરણ.. ૨૪૪- ૧૯૬૪**

**૧) અપની આઝાદી કો હમ હરગિઝ મિટા શકતે નહીં ..સર કટા શકતે ..**
**૨) તેરે હુસ્ન કી ક્યાં તારીફ કરૂ ..કુછ કહતે હુવે ભી ડરતા હું ..કહી ....**
**૩) એક શહેનશાહને બનવા કે હસી તાજમહલ ..સારી દુનિયા કો ....**
**૪) મુજે દુનિયા વાલો શરાબી ના સમજો ..મે પીતા નહીં હું ..પિલાઈ.**
**૫) હમને તુજ કો પ્યાર કિયા હૈ ..ઈતના ..કેન કરેગા ..ઈતના ..**
**૬) જો પ્યાર તુને મુજ કો દીયા થા, વો પ્યાર તેરા મે લેટા રહા હું ..**
**૭) કભી ના કભી.કહી ના કહી ..કોઈના કોઈ ..તો આયેગા ..અપના .**

**પ્રિય વાચક મિત્રો,**

આગામી સપ્તાહમાં પવિત્ર શ્રાવણ માસ શરૂ થઈ રહ્યો છે, તમામ વાચક મિત્રોને શ્રાવણ માસની શુભકામનાઓ. રાજકારણ અને ધનવાન ઉદ્યોગ પતિઓનો સંબંધ વર્ષો જૂનો છે, અમેરિકા જેવા દેશમાં રાજકારણ સાથે ધન જોડાયેલુ છે, તે આપણે મસ્ક અને ટ્રંપની દોસ્તી પરથી જાણ્યું, ભારતમાં આ દૂષણ ૧૯૬૦ના દસકથી શરૂ થયું તેવું મનાય છે, ઉદ્યોગ પતિઓ તેમના ઉદ્યોગને વેગ આપવા રાજકીય નેતાઓનો ઉપયોગ કરતાં આવ્યા છે, અને




કરતાં રહેશે. અને સામાન્ય જનતા આ ભાગીદારીમાં પિસાતી રહેશે. તેમાં કોઈ શંકા નથી. આવી કહાની પરથી આજે એક ફિલ્મ જે દિલિપ કુમારની છે, તેની વાત કરીશું.


દેવ આનંદ, દિલિપ કુમાર અને રાજ કપૂર એટલે ૧૯૫૦થી ૧૯૬૦ના દસકની શરૂઆત સુધીમાં અગ્રેસર રહેતા કલાકાર, આ ત્રણ કલાકારની ફિલ્મો ટોપ ટેન સુપર હિટ ફિલ્મમાં સ્થાન પામેલ જ હોય છે, દિલિપ કુમારની છેલ્લા ત્રણ વર્ષથી કોઈપણ ફિલ્મ આવી ના હતી. આ વર્ષે તેમની લીડર ફિલ્મ આવી, જે ૧૧માં સ્થાન પર સફળ રહી. દેવ આનંદની શરાબીએ ૧૯માં નંબરની સફળ ફિલ્મ રહી, રાજ કપૂરની તેમના હોમ પ્રોડકશનની ફિલ્મ પ્રથમ નંબરે આવશે, જેની વાત ત્યારે કરીશું. પણ તેમની દુલ્હા દુલ્હન ફિલ્મ ૨૧માં નબરે સ્થાન પામી છે.

લીડર – રામ મુખર્જીના નિર્દેશન અને શશધર મુખર્જીના નિર્માણમાં, દિલિપ કુમારની કહાની, રામ મુખર્જીની સ્કીન પ્લે, હરીશ મેહરા અને વજાહત મિર્ઝાના સંવાદ, વી. બાબા સાહેબની સિનેમા ઓટો ગ્રાફી, અને શકીલ બદાયુનીના ગીત અને નેશાદનું સંગીત, રફી સાહેબ, લતાજી, આશાજીના મધુર સ્વર સાથે, આ ફિલ્મમાં દિલિપ કુમાર, વૈજયંતી માલા, નાસિર હુસેન, લીલા મિશ્રા, મોતીલાલ, હીરા લાલ, સપરૂ અને જયંતનો અભિનય હતો. દિલિપ કુમારને આ ફિલ્મ માટે સર્વ શ્રેષ્ઠ અભિનેતાનો ફિલ્મ ફેર એવાર્ડ પ્રાપ્ત થયો હતો. ફિલ્મ એક યુવાન પર આધારિત છે, જે રાજકારણમાં આવતા ફેરફાર સહન કરી શકતો નથી, સ્વચ્છ રાજકારણમાં કાદવ આવતો તે જોઈ રહ્યો છે, તેનો વિરોધ કરે છે, આચાર્ય સ્વચ્છ રાજકીય નેતા છે, યુવાન દિલિપ રાજકુમારી વૈજયંતી સાથે પ્રણયના બંધનમાં બંધાઈ જાય છે, બંને લગ્નના બંધનમાં જોડાઈ તે પહેલા આચાર્યનું ખૂન થઈ જાય છે, જેનો આરોપ દિલિપ પર આવે છે, જીવન સંગિની વૈજયંતી, પિતા નાસિરની મદદથી દિલિપ દેશના દુશ્મન અને દેશને બરબાદી તરફ લઈ જનાર રાજકીય નેતાને ખતમ કરે છે. ફિલ્મમાં નેહરૂજી કે લાલ બહાદુરજીની સભાના દ્રશ્યો છે, કોઈ લાલચ વગર લાખો લોકો તેમને સાંભળી રહ્યા છે, આજે લાલચ આપ્યા બાદ પણ જનતા સભામાં દેખાતી નથી. અપની આઝાદી કો હમ હરગિઝ.., તેરે હુસ્ન કી કયાં, અને મુજે દુનિયા વાલો.. ગીતો આજે પણ લોકપ્રિય છે, પણ આ વર્ષે સંગીતમાં લક્ષ્મી પ્યારે અને શંકર જયકિશનનો દબદબો રહ્યો. ફિલ્મ સફળ રહી. ફિલ્મ રંગીન

## ફિલ્મી સફર
### (એક ઈતિહાસ)
**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

હતી.

દુલ્હા દુલ્હન – રવિન્દ્ર દવેના નિર્દેશનમાં અને નિર્માણમાં, ઈન્દર રાજ આનદની કહાની સ્કીન પ્લે, એમ મુકાદમની સિનેમા ઓટોગ્રાફીમાં, ઈંદિવર આનંદ બક્ષી અને ગુલસન બાવરાના ગીતો અને કલ્યાણજી આનંદજીના મધુર સંગીતમાં, મુકેશજી અને લતાજીના યાદગાર ગીતો સાથે, આ ફિલ્મમાં રાજ કપૂર, સાધના, આગા, રાજ મેહરા, યુસુફ અને કે એન સિંગનો અભિનય હતો. ફિલ્મ એક કોમેડી પ્રણય કથા છે. રાજ એક સામાન્ય ગરીબી ઝીંદગી સાથે લડતો યુવક છે, આગા જે તેનો મિત્ર છે, તેની સાથે રહે છે. એક દિવસ રાજને એક પત્ર તેના મિત્રનો મળે છે, જેમાં લખ્યું છે કે, તેના શેઠની પુત્રી મુંબઈ આવી રહી છે, તે તેને થોડા દિવસ ત્યાં ફેરવશે તો તેના શેઠ ખુશ થઈ તેની પ્રગતિ કરી આપશે. રાજ તે યુવતીને ઓળખતો નથી. તે સાધનાને તે યુવતી સમજી હોટેલમાં લઈ જાય છે, પણ સાધના હોટેલના બદલે તેની સાથે એક જ રૂમમાં રહે છે. આગાને તે પસંદ નથી, પણ સાધનાના વર્તનથી તે ના પાડતો નથી. પાડોશીઓને તે યુવતી ત્યાં રહે તે મંજૂર નથી, એવામાં રાજને તેના મિત્રનો પત્ર મળે છે કે, તેના શેઠની પુત્રી હમણાં મુંબઈ નહીં આવે. હવે રાજ સાધનાને બનાવટી અને ખોટી સમજે છે, પણ તે મનોમન તેને ચાહે પણ છે. તે સાધનાને દૂર કરવાના પ્રયત્નો કરે છે. પણ સફળ થતો નથી, અતે સાધનાના પ્રેમ સામે હારી જાય છે, બંને લગ્ન કરી લે છે. તેવામાં સાધનાને શોધતા તેના પિતા સિંગ સાધનાને મળી જાય છે, અને તેની સાથે દિલ્હી લઈ જાય છે, સાધના એક અમીર બાપની પુત્રી છે, જે તેના પિતા




તેની મરજી વિરૂધ્ધ લગ્ન કરવાના હોવાથી ઘરેથી ભાગીને રાજને મળી હોય છે, પણ તેની યાદદાસ્ત તે સમયે ભુલાઈ ગઈ હોય છે, સાધના ફરી યાદદાસ્ત ભૂલી જાય છે, અને રાજને ઓળખતી નથી, તેવામાં તે ગર્ભવતી છે, તે જાણી તે વિચલિત થાય છે અને ફરી તેની યાદદાસ્ત પરત આવતા બંને પ્રેમીઓનું મિલન થાય છે. દર્શકોને યાદદાસ્ત ભુલાઈ જવી અને પરત આવવી માં મજાના આવી ફિલ્મ એવેરેજ સફળ રહી. ફિલ્મમાં મુકેશજીના યાદગાર ગીતો છે, હમને તુજ કો પ્યાર કિયા હૈ જીતના.. આ ગીત મુકેશજી અને લતાજીના બંનેના સ્વરમાં છે. અને જો પ્યાર તુને મુજ કો દીયા થા ગીત પણ મુકેશજીના યાદગાર ગીતો પૈકીનું છે. રાજ કપૂર અને સાધનાની જોડીની આ એક માત્ર ફિલ્મ છે. ફિલ્મ બ્લેક અન્ડ વ્હાઈટ હતી.

શરાબી – વ્યસન વ્યકિતને બરબાદ કરી મૂકે છે, ૧૯૬૦ના સમયમાં યુવાનો શરાબનું સેવન કરતાં થયા હતા, આજે તો શરાબ સામાન્ય છે, ડ્રગ્સ, ગાંજો, ચરસ જેવા માદક દ્રવ્યો યુવાનો લેતા થયા છે. શરાબના વ્યસનમાં એક યુવાન કેટલો બરબાદ થાય છે, તે દર્શાવતીઆ ફિલ્મ સફળ રહી હતી. રાજ ઋષિના નિર્દેશન અને નિર્માણ, કહાની અને સ્કીન પ્લે સાથે મુકાદમની સિનેમા ઓટો ગ્રાફી, રાજેન્દ્ર કૃષ્ણાના ગીતો અને મદન મોહનના મધુર સંગીત સાથે, આ ફિલ્મમાં દેવ આનંદ, મધુબાલા, સુલોચના, લલિતા પવાર, બદ્રિ પ્રસાદ અને રાધા કૃષ્ણે એ કામ કર્યુ હતું. મધુબાલાની આ અંતિમ ફિલ્મ છે. આ પછી જવાલા ફિલ્મ ૧૯૭૧માં પ્રદર્શિત થશે. ત્યારે મધુબાલા હયાત ના હતા, આ ફિલ્મ ૧૯૫૮માં બનવાની શરૂ થઈ હતી, પણ મધુબાલાની બીમારીને લીધે અમુક દ્રશ્યોનું શૂટિંગ બાકી રહી જતાં ફિલ્મ ૧૯૬૪માં પ્રદર્શિત થઈ હતી. ફિલ્મ માત્રને માત્ર મધુબાલાની બીમારી અને કદાચ આ તેમની અંતિમ ફિલ્મ હોય શકે તેમ માની દર્શકોએ ફિલ્મને નિહાળ ી હતી, અને ફિલ્મ એવેરેજ સફળ રહી હતી. ફિલ્મ બ્લેક એન્ડ વ્હાઈટ હતી.

ફિલ્મની કહાની એવી છે કે, દેવ તેની માતા લલિતાનો એક જ પુત્ર છે, પણ તે શરાબી બની ચૂકયો છે, કોઈ કામ તે કરતો નથી અને તેના મિત્ર રાધે સાથે શરાબના નશામા ઝૂમતો રહે છે. દેવના લગ્ન મધુબાલા સાથે નક્કી થઈ ચૂકયા છે, પણ મધુના પિતા દેવ શરાબના છોડે ત્યાં સુધી લગ્ન કરવા તૈયાર નથી. દેવ મધુ અને માતાના પ્રેમના લીધે શરાબ છોડી દે છે. અને તેના મધુ સાથે લગ્ન પણ નક્કી થઈ જાય છે. પણ એક દિવસ એક ગેર સમજના લીધે મધુના પિતા અને દેવની માતા દેવને તેણે ફરી શરાબનું સેવન કર્યુ છે, તેવો આરોપ લગાવે છે, મધુ નારાઝ થઈ જાય છે, દેવ ફરી આ આઘાતથી શરાબના રસ્તે ચાલ્યો જાય છે. એક અકસ્માત જે તેના શરાબના નશાના લીધે થાય છે, તેમાં તેની માતાના પગ જતાં રહે છે, અને અંતે દેવ હવે ક્યારેય પણ શરાબ નહીં પીવેનું વચન આપે છે. અને પરિવાર એક થાય છે. ફિલ્મમાં રફી સાહેબનું યાદગાર ગીત આજેપણ લોકપ્રિય ગીતોમાં સામેલ છે, કભીના કભી, કહી ના કહી, કોઈ ના કોઈ તો આયેગા તે ઉપરાંત સાવન કે મહિને મે પિલે ગીત પણ યાદગાર છે. ફિલ્મ એવેરેજ સફળ રહી. આગામી અંકમાં મનોજ કુમારની સસ્પેન્સ ટોપ ટેન પૈકી ફિલ્મ સાથે મળીશું. આભાર.

# * શ્રાવણ માસનું આધ્યાત્મિક અને આરોગ્યની દ્રષ્ટીએ મહત્વ *

આવતા શુક્રવારથી પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ રહી છે, શીવ ભકતોમાં વિશેષ ઉત્સાહ છે. આ વર્ષે વરસેલા વિશેષ વરસાદને કારણે હજુ સુધી ખાડા-ખાબોચ્યામાં પાણી સુકાણા નથી પરીણામે છેલ્લા અઠવાડીયાથી તાવ-શરદી-ઉધરસના દર્દીઓમાં વધારો થયો છે સાથે-સાથે ચામડીના અને વિશેષ કરીને પેટના રોગોના દર્દીઓમાં ઘણો વધારો થયો છે મોઘવારી હોવા છતા સારા વરસાદને કારણે લોકોમાં આ વર્ષે તહેવાર ઉજવવાનો વિશેષ ઉત્સાહ જણાઈ રહ્યો છે, શ્રાવણ માસથી લઈ દિવાળી સુધી એકધારા તહેવારોની હારમાળા લોકોમાં પણ શુષ્ક થઈ ગયેલી જીંદગીમાં રીચાર્જનું કામ કરશે અને આમેય આપણા તમામ તહેવારો સામાજીક આરોગ્ય-સમાજ વ્યવસ્થા અને શુષ્ક જીંદગીને પ્રફુલ્લીત કરવાનું કામ કરતા હોય છે.

આજની યુવાપેઢીની એક ખાસીયત છે કે તેઓ જેવુ હોય તેવું કહેતા હવે અચકાતાં નથી અને કોઈપણ વાત યોગ્ય આધાર વગર (સાબીતી વગર) માનતા નથી જયારે શ્રાવણ માસ કે બીજા તહેવારોની આપણે તેમને વાત કરીએ ત્યારે આ પેઢીને તેમાં કહેવાયેલા રીતી-રીવાજોમાં બહુ રસ પડતો નથી, કારણ તેઓને એવું જ લાગે છે કે આ બધુ હંબગ છે, એનું કારણ એ છે કે આ રીતી-રીવાજો આપણે તેમને વૈજ્ઞાનિક રીતે અને આરોગ્યની દ્રષ્ટીએ સમજાવ્યા નથી આપણે જયારે તેઓને કહીએ કે આ તહેવારમાં કે ઋતુમાં આવું જ ખાવું અને આવું ન ખાવું તો મોટા ભાગે તેઓ આપણી વાત સ્વીકારતા નથી. એટેલે જરૂર છે કે આજની પેઢી અને દુનીયા જે ભાષામાં સમજે એ ભાષામાં એટલે કે (Evidencebase) યોગ્ય આધાર સાથે આપણાં તહેવારો અને તેના રીતી-રીવાજોને સમજાવીએ.

**શ્રાવણ માસમાં ઉપવાસ એકટાણાનું મહત્વ :**

વાદળ અને વરસાદથી પ્રાણી માત્રનો જઠરાગ્નિ બગડે એટલે મંદાગ્નિ થવાને કારણે આ ઋતુમાં (દેવશયની અગીયારસથી દેવ ઉઠી અગીયારસ-ચાતુર્માસ) લોકો વધુ બિમાર પડે અને લોકોની રોગ પ્રતિકારક શકિત ઘટે. ચોમાસામાં ઋતુના પ્રભાવથી મંદાગ્નિ અને તેને કારણે પિતનો સંચય થાય છે, હવામાનમાં રહેતો તફાવત લોકોને સહજતાથી માંદા પાડી દે છે આયુર્વેદ અને આધુનીક તબીબ જગત આવું સ્પષ્ટ માને છે કે આ સમયગાળામાં લોકોની રોગપ્રતીકારક શકતી નબળી પડે છે, આથી જ ખોરાક અને રહેણીકરણી (આહાર-વિહાર) બાબતે સાવધાન રહેવા માટે આ દીવસોમાં ઉપવાસ-મૌન વ્રત વગેરે પાળીને આધ્યાત્મીક રીતે શીવ અને આધ્યશકિતની ભકિત કરીને લૌકિક રીતે શકિત (એનર્જી) અને સુખ-સમૃધ્ધિ મેળવવાનો મહત્વપુર્ણ પ્રયાસ છે. 'ઉપવાસ' શબ્દ બે શબ્દોનાં જોડાણથી બનેલો શબ્દ છે 'ઉપ' એટલે નજીક અને 'વાસ' એટલે રહેવુ, ઉપવાસ કરવાનો હેતુ ઈરીય્ તત્વની નજીક રહેવા માટેનો છે, વિવિધ જણાતા દરેક ધર્મો આહાર વગેરેના સંયમથી બાહ્ય જીવનમાં ખર્ચાતી ઉર્જાને ધ્યાનને આંતરીક જીવન તરફ વાળવા પ્રેરણા આપે છે.

આયુર્વેદના મતાનુસાર ઉપવાસ કરવાથી જઠરાંગ્ની પ્રદીપ્ત થાય છે, અને આપણા શરીરના વિષાકત પદાર્થોનો નાશ થાય છે અને તેનાથી શરીરમાં સ્ફુર્તીનો સંચાર થાય છે, માંસપેશીઓમાં નવચેતન લાગે છે અને શરીરની શુધ્ધી થાય છે, શરીર શુધ્ધ થવાથી મન પણ શાંત અને સ્થીર થાય છે, આવા શાંત અને સ્થીર થયેલા મનથી જો અનુષ્ઠાન(ધ્યાન) યજ્ઞ કરવામાં આવે તો મનના દોષો (તમસ્ અને રજસ)શાંત થાય છે અને સાત્વીકતા વધે છે અને તેનું ઉર્જા અને પ્રસન્નાતામા રૂપાંતર થાય છે.

આમ આ દિવસો માં ઉપવાસ અને પ્રયાન કરવાથી શરીર શુધ્ધ થાય છે, મન શાંત અને સ્થીર થાય છે, આપણી રોગપ્રતીકારક શકતી વધે છે, આપણને નવી ઉર્જા પ્રાપ્ત થાય છે.

**શ્રાવણમાં બિલીપત્રથી શિવજીનું પૂજન,**

પ્રવર્તમાન વાતાવરણમા વિવિધ રોગોથી પીડાતો માણસ વિવિધ ચીકીત્સા પધ્ધતીને




અપનાવતા, નવી નવી દવાઓના પ્રયોગના કારણે તેની આડ અસરથી




વધારે પીડાતો થયો છે, ઉપરાંત નવા-નવા રોગોનું પ્રમાણ વધતું જતું હોવાથી અત્યારે આ યુગ પરિવર્તનના સમયમા જરૂર છે આયુર્વેદના કુદરતે બક્ષેલા ઊંડા જ્ઞાનને પામવાની, તેમાં રહેલા ગુઢ રહસ્યોને હાલના વીજ્ઞાનની એરણે ચડાવીને તેના સુંદર અને આશ્ચર્યજનક પરિણામોને પારખવાની, કુદરતી શકિતઓનો અનુભવ કરવાની અને આયુર્વેદના જ્ઞાનનું અંગત જીવનના આરોગ્ય માટે વ્યવહારિક માર્ગદર્શન આપવાની, જરૂર છે ઉતમ અને પરોપકારી એવા આંગણામાં જ પ્રાપ્ય આયુર્વેદના કુદરતી ખજાનાને લોકભાગ્ય બનાવવાની !

આજના ઔધોગિકરણ અને ટેકનોલોજીના યુગમાં મનુષ્યનો વનસ્પતી પ્રત્યેનો સંપર્ક અને લગાવ ઘટતો ગયો છે કુદરતને ખોળે ઉછરેલો માનવી કુદરતથી વિમુખ થતો રહ્યો છે, પરિણામે આરોગ્ય પર ખતરો ઉભો થયો. પર્યાવરણમા અસમતુલા વધી છે. ખરેખરતો માનવીના વર્તમાન સુખ સમૃદ્ધિ અને સ્વાસ્થ્યમા વનસ્પતિનું યોગદાન સર્વાધિક છે. વનસ્પતિનું એક એક અંગ સદ્ઉપયોગી છે. તેના ઉપયોગથી માનવી સુખી, સમૃદ્ધ અને નીરોગી જીવન માણી શકે છે. વનસ્પતિને તરછોડીને માનવી આજે રોગની ખીણમાં ગરકાવ થતો જાય છે, ત્યારે અફસોસ એ વાતનો છે કે આવી લાભદાયી વનસ્પતિઓને આપણે ભૂલી રહ્યા છીએ.

આમ ,ભારતીય સંસ્કૃતિનો અમુલ્ય વારસો આજે જયારે લુપ્ત થઈ રહ્યો છે, ત્યારે વનસ્પતિઓ પર પ્રેમ રાખીને, જીજ્ઞાસા કેળવીને તથા તેના અદમ્ય ગુણધર્મો અને ઉપયોગો જાણી લેવામાં આવે તો અનેકગણો આર્થિક લાભ તો થાય જ, પરંતુ જીવન જીવવાની ઉમદા રીતથી જીવન શાંતિમય અને સ્વાસ્થ્યપ્રદ બનશે. જીવનમાં ઉમદા કાર્યોની મહેક પણ પ્રસરશે.

આયુર્વેદ એટલે માત્ર દવાઓનું જ શાસ્ત્ર કે વિજ્ઞાન નહિ, એ તો છે માનવજીવનના સર્વાંગી વિકાસ માટેનું વિશિષ્ટ જીવન શાસ્ત્ર ! આ શાસ્ત્રમા સમગ્ર જીવંત સૃષ્ટિને ધબકતી રાખવાની, જીવનને એક નવી દ્રષ્ટિ આપવાની; વિનું કલ્યાણ કરવાની અને નવજીવન બક્ષવાની અદ્દ્ભુત ક્ષમતા અને શકિત સમાયેલી છે;

આપણા ઘર આંગણે અને આપણી આસપાસ ઉગતી વનસ્પતિ અને આપણી પ્રકૃતિ સમાન હોય છે તેનો જો નિયમિત ઉપયોગ કરવામાં આવે તો ગમે તેવી મહામારીનાં સમયમા પણ આપણે સ્વસ્થ અને આરોગ્યપ્રદ જીવન જીવી શકીએ છીએ. આવી અમૃતતુલ્ય વનસ્પતિને ઓળખીએ, જેનો નિયમિત ઉપયોગ કરવાથી આપણી પાચનશકિત સુધરે, રોગપ્રતિકારક શકિત વધે અને શરીર ઉર્જાવાન બને. આવી જ અમૃતતુલ્ય ઔષધી એટલી બીલી, આપણાં તહેવારો-વ્રતો અને મદીરોમાં જે પણ ફળ-ફૂલ કે વનસ્પતીનો ઉપયોગ થાય છે તેની પાછળ ક્યાકને ક્યાક આરોગ્ય હેતુ જ હોય છે તો આવી ઔષધીનો આ શ્રાવણ માસમાં પરીચય કરીએ.

બિલ્વ વૃક્ષના મૂળની છાલને દશમૂલ કવાથમાં પ્રયોજાય છે,

જે વર્ષાકાલમાં થતાં વાતદોષ જનીત દુ:ખાવા (neuromuscular) દૂર કરવામાં શ્રેષ્ઠ છે.

આયુર્વેદની આદ્ય સંહિતા ચરક અને સુશ્રુતમાં બિલ્વ ફળને કાચું જ ઔષધ પ્રયોગ તરીકે લેવાનુ કહ્યું છે.

કાચા ફળો સંગ્રાહી ગુણ ધરાવે છે એટલે મરડો (dysentery) તથા ઝાડામાં શ્રેષ્ઠ છે, પણ લાંબા સમય સુધી પ્રયોગ કરવો હોય તો સાકરના ચુર્ણ સાથે લેવુ નહી તો હરસ (piles) થવાનો ભય રહે છે. ઔષધ બાબતે આવી બારીક વાતો વિશે સાવધાની રાખવા માટે નિષ્ણાંત આયુર્વેદ ચિકિત્સકની દેખરેખ નીચે જ વનઔષધિના પ્રયોગ કરવા હિતાવહ..

બિલીપત્રને પથ્થર પર લસોટીને એનો સ્વરસ કઢાય છે. સામાન્ય રીતે અષાઢ – શ્રાવણમાં વાતાવરણમાં ભેજને લઈને બીલીપત્રમાંથી સ્વરસ અન્ય તુની સરખામણીએ સારો પ્રાપ્ત થાય છે.

વળી નવપલ્વીત પર્ણો ચૈત્ર – વૈશાખમાં આવે છે આથી આ સમયે સંપૂર્ણ ગુણોથી યુકત થયેલ હોય છે.

દયાળુ પ્રભુએ એમાં સુગંધિત તેલ કુંપીનુ નિર્માણ કરીને મનમોહક બનાવ્યા જેથી કરીને પ્રકૃતિજન્ય વિકારો સામે વર્ષાતુમાં રક્ષણ મેળવવા ઈચ્છતા વ્યકિત હોંશેહોંશે ખાઈ પણ શકે.

ઋષિગણે, દેવાધિદેવના પૂજન નિમિત્તે પ્રસાદ તરીકે આરોગવાની પ્રથા કદાચ પાડી હશે, પણ કાળક્રમે એ લુપ્ત થઈ અને હવે માત્ર દેખાદેખી જન્ય પરંપરા બની ગઈ આજે હજારો કિલો બિલીપત્રને શિવલિંગ પર અભિષેક કરીને પાણીમાં પધરાવી દેવાય છે. એનાથી કોઈ આરોગ્ય લાભ થતો નથી પણ જો બિલ્વાષ્ટકના પાઠ સાથે અભિષેક કરાયેલ આઠ બિલીપત્રને પ્રસાદ માનીને ભક્ષણ કરી જવાય તો દિવ્ય ઔષધી સાબિત થાય જ છે.

એક માન્યતા છે, કે પ્રત્યેક બિલીપત્ર પર ચંદનથી તિલક કરીને અભિષેક કરવો, બિલ્વના કાષ્ટને પણ ચંદન સમાન ગણી એને ઘસીને તિલક કરાતુ,

ચંદન શિતળ અને સુંગધીત કાષ્ટદ્રવ્ય છે, જે મન સાથે પિત્તને પણ શાંત કરે છે.

બિલીપત્રનો રસ પરસેવાજન્ય શરીરની દુર્ગંધ તેમજ ખાજ-ખરજવાં દૂર કરે છે, આ પર્વ નિમિત્તે શિવાલયોમાં ચઢાવેલ બિલીપત્ર એકઠાં કરી એને સ્નાનાર્થે આવા દરદીઓ, શ્રદ્ધાથી પ્રયોજે તો અવશ્ય વ્યાધિ મુકિત મળે જ, મહર્ષિ ચરક – સુશ્રુતના વર્ણન પ્રમાણે બીલીફળ તથા બીલીપત્રનું સેવન, વાછુટ (અપાનવાયુ ત્યાગ વખતે)ની દુર્ગંધને પણ દૂર કરે છે.

બિલીપત્રનો સ્વરસ બેઠાડુ જીવનશૈલી ધરાવતા વ્યકિતઓના મેદ/ ચરબી તથા પેશાબમાં જતી સુગરને કંટ્રોલ કરે છે અને સ્વસ્થ વ્યકિતના પાચનસંસ્થાનને સમ્યક રાખીને વર્ષાતુના વિકારોથી રક્ષણ કરે છે, વેદકાલીન વનસ્પતિ અને વનૌષધિમાં બિલ્વનો સમાવેશ થાય છે. શ્રી સુકતના આ શ્લોક દ્વારા પ્રતિતિ થાય છે...

આદિત્યવર્ણે તપસોડધિજાતો
વનસ્પતિસ્તવ વૃક્ષોડથ બિલ્ય।
તસ્ય ફલાનિ તપસાનુદન્તુ
મયાન્તરાયાશ્ચ બાહ્યા અલક્ષ્મી ।।

વળી સુશ્રુતસંહિતાના ચિકિત્સાસ્થાનના મેઘાઆયુષ્યકામીય અધ્યાયમાં દર્શાવેલ છે, કે બીલીનો પ્રયોગ ઋગ્વેદના શ્રીસુકતના અનુષ્ઠાન સાથે સુવર્ણ સાથે રસાયન સમાન છે.

અતીમનમોહક સુગંધ ધરાવતા બિલીપુષ્પથી પ્રથમ નવરાત્રની અધિષ્ઠાત્રી દેવી માઁ શૈલપુત્રીનું પૂજન કરાય છે.

લિંગાર્ચનચંદ્રિકા નામના ગ્રંથમાં આઠ પ્રકારના બિલ્વપત્ર ગણાવે છે.

તુલસી બિલ્વ નિર્ગુન્ડી આપમાર્ગ : કપિત્થચ।
શમી આમલકી દુર્વા અષ્ટ બિલ્વાપ્રકીર્તિતા ।।

બિલતી ભિન્નતિ ઈતિ બિલ્વ એટલે કે જે વાત અને કફ એમ બે દોષોને હણે છે એ બિલ્વ છે. આધ્યાત્મિક પરિભાષામાં શારીરિક અને માનસિક દોષોને જે હણે છે એ બિલ્વ છે. આ આઠ પ્રકારના બિલ્વપત્ર વેદકાલીન ભારતીય સંસ્કૃતિથી આરોગ્ય રક્ષણ કાજે પ્રતિષ્ઠિત છે. આમના વિશેષ ગુણ બતાવતા જણાવેલ છે કે,

તુલસી શ્રેયમાન્પોતિ
બિલ્વમ ચ મોક્ષસાધનમ્
નિર્ગુન્ડી રોગનાશાર્થમ
અપમાર્ગશ્ચ પુત્રદ: ।
કપિત્થેન જાવેદ્રાઝયં
શમી શત્રુવિનાશિનિ
આમલકી પાપનાશાર્યમ્
દુર્વા વંશવિવર્દ્વન ।।

બિલીનો જે કુદરતી વનસ્પતિ વર્ગ છે, એમાં કોઠું, મીઠો લીંબડો તથા બીજોરાંનો પણ સમાવેશ થાય છે.

આશ્ચર્યજનક અવલોકન જુઓ...

ભારતવર્ષના ઉત્તર ભાગમાં બિલીની મહિમા છે જયારે દક્ષિણ ભાગમાં મીઠો લીંબડો / કઢ ીપત્તાનો બહોળો ઉપયોગ રસોઈમાં છે. અને આપણા ગુજરાતમાં કોઠાની ચટણી હોટ ફેવરિટ છે, રહી વાત બીજોરાની તો ભગવાનશિવજીનો એક અવતાર લકુલીશ ભગવાન (કાયાવરોહણ-નર્મદા)ના એક હાથમાં બીજોરાનું ફળ પ્રતિક સ્વરૂપે ધારણ કરાયુ છે. આયુર્વેદ કહે છે કે વાયુને બળપુર્વક રોકવાથી વેદના અને વ્યાધિ થાય છે, (વેગવિધારણ) ભગવાન લકુલીશ યોગમાર્ગના પ્રવર્તક છે.

હઠયોગ સાધનામાં સાધકને આસન-પ્રાણાયામ કરવાં પડે એટલે શરૂઆતમાં શરીર અને મન, વાયુદોષથી વિકૃતના થાય એ માટે બીજોરાંનું સેવન કરવુ એમ પ્રતિકાત્મક દર્શાવેલ છે...
હવે ઔષધીય દ્રષ્ટિએ જોતાં આ ચારેય પરમ વાતનાશક તેમજ વેદનાસ્થાપન તથા પાચનસંસ્થાન સંબંધિત સમસ્યાઓનું નિવારણ કરનારા છે સાથે સાથે ચર્મવિકારોમાં પણ એટલાં જ ઉપયોગી છે.

આમ આયુર્વેદ શાસ્ત્ર અને વેદકાલીન આધ્યત્મની દ્રષ્ટિએ બિલ્વ વૃક્ષ આરોગ્યદાયક હોઈ અતિ પવિત્ર માનવામાં આવ્યુ છે.

વર્ષાઋતુમાં બિલીવૃક્ષના મૂળ પાસે નવી ફુટ જોવા મળે છે. આ ફુટને કાળજીપુર્વક લઈને અન્ય જગ્યા વાવેતર કરવાથી તથા બીલીના વૃક્ષ પર કાંટા હોય છે આથી પશુ આદીથી રક્ષવું પડતુ નથી સરળતાથી બીલી વૃક્ષનું સંવર્ધન થઈ શકે છે.. પરીપકવ બીલી ફળના બીજ દ્વારા પણ વાવી શકાય છે, પણ એમાં સમય વધારે લાગે છે.

મિત્રો,

આ શ્રાવણ માસમાં એક બિલ્વ વૃક્ષ વાવવાનો અને ઉછેરવાનો સંકલ્પ લઈએ, એના થઈ શકે તો શિવાભિષેક કરાયેલ બિલીપત્રને પ્રસાદ માની આરોગ્ય રક્ષણ કાજે એનો સમ્યક ઉપયોગ કરીએ.

# અમરેલી ખાતે સીનિયર સીટીઝન્સ સોસાયટી દ્વારા ૧૯માં વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ










અમરેલી ખાતે સીનીયર સીટીઝન સોસાયટી દ્વારા ૧૯માં વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કુંરોકું નાઠાના નૃત્ય સાથે ગણેશ વંદનાથી કાર્યક્રમનો શુભારંભ થયો. મંત્રી સુરેશભાઈએ સૌ મહેમાનો તથા વડીલોને આવકાર આપ્યો. બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ શરૂ થયો. વિજયાલક્ષ્મીબેન માને એ જીના યહાં મરના યહા ગીત ગીરીષભાઈ ત્રિવેદીનું વકતવ્ય, રીટાબેન પટેલના યોગથી સૌ પ્રભાવિત થયા. કાચા લીખીત પ્રહસન હમ સાથ સાથ ઘર ઘરમાં બનતા બનાવોની વ્યથા રજુ કરી. બધાને મંત્રમુગ્ધ કર્યા હતા. કે.પી. ની ફીલ્મી ધુન અને હર્ષાબેન દ્વારા યે જીંદગી કા કાયા ભરોસા અને બીનાબેન ધ્વારા મે તો ભુલ ગઈ બાબુલ કા પર નૃત્ય સાથે રજુ કરતા સરસ્વતીચંદ્ર ફીલ્મની સ્કૃતિ તાજી થઈ. તરૂણાબેન વ્યાસ ધ્વારા અસલ કાઠીયાવાડી ભાષામાં લોક સાહિત્ય રજુ કરવા વડીલોને મોજમાં લાવી દીધા. ભારતીબેનનો સંવાદ માથી મમતાનો અહેસાસ થયો. છેલ્લે બહેનોએ રાસ–ગરબા સરસ રમ્યા. કાર્યક્રમની શરૂઆત મંચસ્થ મહેમાનો ધ્વારા દીપ પ્રાગટયથી થયું. અધ્યક્ષ કિશોરભાઈ મહેતાનું શાલ, સ્મૃતિભેટ, પુષ્પગુચ્છથી કાચા સન્માન કર્યુ. કેતનભાઈ સોનીનું કે.પી. પંડયાએ કર્યુ, નટુભાઈ પટેલ વડોદરાનું સન્માન સુરેશભાઈ ધ્વારા થયું. અશોકભાઈ દેસાઈ, કનુભાઈ પટેલ, નગીનભાઈ પંચાલ વડોદરા તેમજ કનુભાઈ જોષી, જેરામભાઈ પટોળીયા વિગેરે મંચસ્થ મહાનુભાવોનું સન્માન કિરણભાઈ, ટોમભાઈ, ચંપકભાઈ વિગેરે ધ્વારા કરવામાં આવ્યું. બાદ કિશોરભાઈ મહેતાએ તેના વકતવ્યમાં જણાવ્યું કે, કાચા તથા તેમની ટીમનો ધન્યવાદ કે આવા સારા કાર્યક્રમો કરે છે. નટુભાઈ પટેલ જણાવ્યું કે અમરેલી પ્રત્યે અમારો લગાવ છે છેલ્લા સાત વર્ષથી અમો તમારા કાર્યક્રમોમાં આવીએ છીએ. પરંતુ આજના કાર્યક્રમથી અમો પ્રભાવીત છીએ આવતા અમારા અધિવેશનમાં અમરેલી માટે સમય ફાળવીશું. કેતનભાઈ સોનીએ કહ્યું આટલું સરસ વડીલ મંડળ ચાલે છે. તેનાથી પ્રભાવીત છું. તેમણે દરેક વડીલોને ચેઈનવાળી શોપીગ બેગ ભેટ આપી. બાદ જુલાઈ જન્મદિન ૫૦ વર્ષીય દામ્પત્યજીવનના પસાર કરતા વડીલો તથા ૭૫ વર્ષ પૂર્ણ કરતા વડીલોનું શાલ, પુષ્પગુચ્છ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. ભોજન સ્પોન્સર વડીલોનું સન્માન થયું. સુરેશભાઈએ શુભેચ્છા સંદેશ વાંચી આભાર વ્યકત કર્યો. બીનાબેન ત્રિવેદીનું સંચાલન દાદ માગી લે તેવું હતું. ટોમભાઈ દ્વારા આભાર બાદ રાષ્ટ્રગીતથી કાર્યક્રમ પૂર્ણ થયાનું સુરેશભાઈ ત્રિવેદીએ જણાવ્યું તેમ કનુભાઈ જોષની યાદીમાં જણાવાયું છે.

## પાના ૧ ઉપરનું ચાલું ઢૂંઢીયા પીપળીયાનાં ડબલ મર્ડર કેસનાં

ખાતે પહોંચ્યા હતા. સીવીલ હોસ્પિટલથી મામલતદાર ઓફિસ સુધી મુખ્ય બજારમાં રેલી સ્વરૂપે મોટી સંખ્યામાં લોકો જોડાઈને આ ઘટનાના આરોપીઓ ને તાત્કાલિક પકડી ને કડક સજા કરવા સાથે આ કેસ સાથે જોડાયેલ આરોપીઓને ઢૂંઢિયા પીપળીયા ગામની મુખ્ય બજારમાં તેમનું સરઘસ કાઢવાની માંગણી સાથે ભારે આક્રોશ થી આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. આ આવેદનપત્ર અપાયા બાદ અમરેલી ડીવાએસપી ચિરાગ દેસાઈ વડિયા સીવીલ હોસ્પિટલ દોડી આવ્યા હતા અને સીવીલ હોસ્પિટલ ખાતે ઉપસ્થિત ગ્રામજનો સાથે ચર્ચા કરી કડક કાર્યવાહી કરવાની બાંહેધરી આપી લોકોને સમજાવી પોલીસને કાર્યવાહીમાં સહકાર આપવા હાલ મૃતદેહ સ્વીકારવા અપીલ કરી હતી આ અપીલ ને માન્ય રાખી ગ્રામજનો એ મૃતદેહ સ્વીકારી મૃતકના ઘરે લઈ જવામાં આવ્યો હતો. આ તકે વડિયા સીવીલ હોસ્પિટલ ખાતે આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયા અને તેમની ટીમ તથા તાલુકા ભાજપના પ્રમુખ વિપુલભાઈ વસાણી તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર સહીતની તાલુકાની ટીમ ઉપસ્થિત રહી કડક કાર્યવાહીની માંગણી કરવામાં આવી હતી. હાલ આ કેસમાં જિલ્લા પોલીસ વડા સંજય ખરાત ના માર્ગદર્શન નીચે ડીવાએસપી ચિરાગ દેસાઈ, એલસીબી, એસઓજી અને વડિયા પોલીસ દ્વારા આરોપીને પકડવા માટેની સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે. આરોપીઓ પકડાયા બાદજ આ ડબલ મર્ડર કેસના કારણો જાણવા મળી શકે એમ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૬૨૦ | ૧૭૦૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૦૩૦ | ૧૧૦૦ |
| ૪ | જીરૂ | ૨૯૨૦ | ૩૫૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૯૦ | ૧૯૦૦ |
| ૬ | ઘઉં | ૪૮૦ | ૫૧૦ |
| ૭ | ચણા | ૧૦૩૦ | ૧૧૧૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૦૪૦ |
| ૨ | શિંગ મોટી | ૮૦૫ | ૧૧૫૨ |
| ૩ | શિંગદાણા | ૧૩૩૪ | ૧૫૦૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦ | ૧૪૬૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૮૦ | ૧૯૪૦ |
| ૬ | તલ કાળા | ૨૧૦૦ | ૩૯૩૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૪૨૦ | ૨૧૯૫ |
| ૮ | બાજરો | ૩૩૨ | ૫૦૪ |
| ૯ | જુવાર | ૪૨૫ | ૮૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૩૨ | ૫૫૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૨ | ૫૫૨ |
| ૧૨ | મકાઈ | ૪૨૫ | ૬૩૨ |
| ૧૩ | મગ | ૧૩૨૨ | ૧૬૬૧ |
| ૧૪ | અડદ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૧૫ | ચણા | ૮૨૦ | ૧૧૮૫ |
| ૧૬ | સફેદ ચણા | ૭૮૦ | ૧૧૪૬ |
| ૧૭ | છોલે ચણા | ૧૨૯૯ | ૧૨૯૯ |
| ૧૮ | ચોળી | ૧૪૧૧ | ૧૪૧૧ |
| ૧૯ | તુવેર | ૧૦૨૫ | ૧૨૭૫ |
| ૨૦ | વાલ | ૫૫૦ | ૮૨૦ |
| ૨૧ | કપાસ | ૯૯૫ | ૧૬૮૯ |
| ૨૨ | એરંડા | ૧૧૧૫ | ૧૨૫૮ |
| ૨૩ | જીરૂ | ૧૯૦૦ | ૩૭૪૧ |
| ૨૪ | ધાણા | ૧૦૦૦ | ૧૩૧૫ |
| ૨૫ | અજમા | ૧૩૦૦ | ૧૮૨૦ |
| ૨૬ | મેથી | ૭૪૦ | ૯૪૪ |
| ૨૭ | સોયાબીન | ૬૪૦ | ૮૧૧ |
| ૨૮ | કાંગ | ૨૩૬ | ૫૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં બેન્ક ઓફ બરોડાનાં

પડતી ના હોય તે માટે ચિંતા કરવાની જરૂર છે. પરંતુ આ બેંકના મેનેજર તથા સ્ટાફને ગ્રાહકોની ચિંતા કરવા માટે વિચાર શક્તિ જ ના હોય પરિણામે ગ્રાહકોને નિસાસા નાંખવા સિવાય કોઈ રસ્તો બચ્યો નથી.

અમરેલીના સ્ટેશન રોડ ઉપર આવેલ બેંક આફ બરોડાની મુખ્ય બ્રાંચ આવેલ છે. આ બેંકના સ્ટાફ દ્વારા શનિવારે સવારે આ બેંકની સ્થાપનાના ૧૧૮ વર્ષની ઉજવણીના ભાગરૂપે બેંકમાં ડેકોરેશન તથા બેંકના બિલ્ડીંગના હોલમાં વચોવચ રંગોળી કરી અને સ્ટાફ દ્વારા ફોટો સેશન કરી ઉજવણી કરવામાં આવેલ હતી. તે રીતે બેંકની સ્થાપનાની ઉજવણી કરતાં હતાં. બેંક સ્ટાફ આ ઉજવણી કરે તેમાં આ બેંકના ગ્રાહકોને કોઈ તકલીફ કે વાંધો હોય શકે પણ નહીં.

પરંતુ બેંકની સ્થાપનાના ૧૧૮ વર્ષની ઉજવણીના ભાગરૂપે ગ્રાહકોની ચિંતા કરી ગ્રાહકોને વધુમાં વધુ બેંકમાં સગવડતા મળે તે માટેની ચિંતા કરી આ બેંક સ્ટાફ દ્વારા ખાસ ઉજવણી કરવી જોઈએ. નહીં કે ફોટો સેશન કરીને.

આ બેંકમાં જયારે ઉજવણી અને ફોટો સેશન ચાલું હતું. ત્યારે આ બેંકમાં પીજીવીસીએલ દ્વારા લાઈટ કાપ ચાલતો હતો. જેના પરિણામે બેંકમાં અંધારૂં છવાયેલ હતું. જયારે પણ આ બેંકમાં લાઈટ બંધ થયા એટલે આ બેન્કનું પાસબુકમાં એન્ટ્રી પાડવાનું મશીન બંધ થઈ જાય છે. આ ઉપરાંત અમરેલીની હેડ પોસ્ટ ઓફિસ સામે આવેલ આજ બેંકની બ્રાંચમાં એન્ટ્રી પાડવાનું મશીન જ ઘણાં સમયથી બાંધવા છે. જે રિપેર કરાવતું નથી. પરિણામે દૂર દૂરથી પાસબુકમાં એન્ટ્રી પડાવવા માટે આવતાં વૃધ્ધો, મહિલાઓ બાળકો, વિદ્યાર્થીઓ, તથા આ બેંકનાં ગ્રાહકોને ધરમ ધક્કો થાય છે.

હાલમાં સામાન્ય રીતે દરેક સરકારી હોય કે ખાનગી તમામ બેંક કોમ્પ્યુટરાઈઝ બની ચુકી છે. ત્યારે લાઈટ બંધ ત્યારે બેંકમાં કામ શરૂ રહે તે માટે થઈ તમામ બેંકમાં મસમોટા જનરેટર હોય છે. ત્યારે અમરેલીની આ બેંકમાં જનરેટર કેમ નથી? તેવો સવાલ ઉભો થાય છે. ત્યારે આ બેંકના બ્રાંચ મેનેજર દ્વારા લાઈટ જાય કે અન્ય કોઈ કારણોસર બેંકમાં બેંક ટાઈમ દરમિયાન ગ્રાહકોનું કોઈ કામ અટકે નહીં તે જોવું જોઈએ. તો જ આ બેંકની સાચી ઉજવણી કરી ગણાઈ. બાકી ખુશામત તો સહુને વહાલી હોય છે.

## અવસાન નોંધ

**અમરેલી :** મૂળ લાપાળીયા હાલ અમરેલી નિવાસી સાઠોદરા નાગર બ્રાહ્મણ જયોત્સનાબેન બાબુલાલ જોષી (ઉ. વ. ૭૭) તે સ્વ. મગનલાલ છોટાલાલ જોષીના ભાભી, પ્રવિણભાઈ બાબુલાલ જોશી, સ્વ. બીપીનભાઈ બાબુલાલ જોષી, સરોજબેન વિનોદરાય અધ્વર્યુ (સાવરકુંડલા), કુસુમબેન મુકેશભાઈ મહેતા (દોલતી), ગીતાબેન પિયુષભાઈ જોશી (જૂની કાતર)ના માતુશ્રી તા. ૧૯ને શનિવારે હાટકેશ શરણ પામેલ છે.

**સદગતનું બેસણું** તા. ૨૧ને સોમવારે સાંજે ૩ થી ૬ તેમના નિવાસસ્થાન માણેકપરા, શેરી નં. ૧૦, રામ પેલેસ રેસીડેન્સીવાળી શેરી, પવન પાનની બાજુમાં, અમરેલી ખાતે રાખેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૬૧ | ૧૦૬૧ |
| ૨ | ચણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૩ | જુવાર સફેદ | ૫૫૦ | ૭૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૧૦ | ૧૧૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૨૦ | ૧૦૮૦ |
| ૩ | તલ સફેદ | ૧૫૫૦ | ૨૦૦૦ |
| ૪ | તલ કાળા | ૩૪૫૧ | ૩૯૨૦ |
| ૫ | જીરૂ | ૩૪૦૦ | ૩૬૮૧ |
| ૬ | કપાસ | ૧૬૫૦ | ૧૭૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૩૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૬ |
| ૯ | બાજરો | ૩૫૧ | ૬૯૦ |
| ૧૦ | મગ | ૧૨૭૦ | ૧૫૦૧ |
| ૧૧ | ચણા | ૧૦૭૫ | ૧૨૦૦ |
| ૧૨ | તુવેર | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ૧૩ | એરંડી | ૧૨૪૦ | – |
| ૧૪ | ધાણા | ૮૦૦ | ૧૦૪૦ |
| ૧૫ | સોયાબીન | ૭૦૦ | ૭૮૦ |

## પાના ૮ ઉપરનું ચાલું જાફરાબાદનાં સામૂહિક આરોગ્ય કેન્દ્રનાં

ગાયનેક, પીડીયાટ્રીક, ઓર્થોપેડીક, જનરલ સર્જન, ફીઝીશીયન આમ પાંચ જગ્યાઓ ખાલી છે. જેથી કરીને દર્દી નારાયણને ખુબ જ પરેશાની થઈ રહી છે. આવા દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં મસમોટી ફી ચુકવીને સારવાર લેવી પડી રહી છે. અથવાતો આવા દર્દીઓને રાજુલા, મહુવા, ભાવનગર, દુર દુર સુધી ધક્કા ખાવા પડે છે. અત્રે નોંધવું જરૂરી છે કે જાફરાબાદ તાલુકો ૪૨ ગામોનો તાલુકો છે. અને ગ્રામ્ય વિસ્તારોના દર્દીઓ આ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર લેવા માટે આવે છે. પરંતુ ઉપરોક્ત ડો. આ દવાખાનામાં નહીં હોવાથી દુર દુર સુધી ખાનગી અથવા અન્ય દવાખાનામાં મસમોટી રકમ ખર્ચ કરી સારવાર લેવા માટે જવું પડી રહ્યું છે. આ બધા પરિબળો વચ્ચે એકજ ડો. દુધાત દર્દી નારાયણની રાત દિવસ જોયા વિના સારવાર સેવા કરી રહ્યા છે. તે ધન્યવાદને પાત્ર છે. જનતાની ઉગ્ર માંગણી છે કે આ દવાખાનામાં મહેકમની સામે ઘટતા ડોકટરો વહેલામાં વહેલી તકે નિમણૂક થાય તેમ જનતા જનાર્દન ઈચ્છી રહી છે. આ બાબતે ડો. ની સત્વરે ભરતી અને નિમણૂક કરવા માટે જાફરાબાદની અને ગ્રામ્ય વિસ્તારોની જનતા માટે સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટસ (એનજીઓ) તથા સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ આ બન્ને (એનજીઓ) દ્વારા આરોગ્ય કમિશનર તબીબી અને શિક્ષણ અને (આર.ડી.ડી.) તેમજ અમરેલી સિ.ડી.એચ. ઓ. તેમજ સરકારના આરોગ્ય સચિવ તથા આરોગ્ય મંત્રી ને આગામી દિવસોમાં અસરકારક રજૂઆત કરવામાં આવશે માટે આ દવાખાનામાં મહેકમની સામે ઘટતા ડોકટરોની તાત્કાલિક નિમણૂક કરવામાં જણાવ્યું છે. ઉપરોક્ત તમામ ડો. ની નિમણૂક નહીં કરવામાં આવે તો જનતા જનાર્દન ને સાથે લઈ સત્યાગ્રહ ઉપવાસ આંદોલન કરવાની ફરજ પડશે તેની ગંભીર નોંધ લેવી



## જાહેર નોટિસ

આથી આ જાહેર નોટિસથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. કે અમરેલી જિલ્લાનાં ઢોલરવા ગામે આવેલ ખેતી જમીનના ખાતા નં.૧૪૫ થી નોંધાયેલ ખેતીની જમીન મિલ્કત જે સર્વે નં. ૫૩ હે. આરે ચો.મી. ૨–૦૧–૯૭ આકાર ૮.૧૦ આ મિલ્કત વાળા સુરગભાઈ વાલેરાભાઈના સુંવાગ માલીકીના હક્કમાં ચાલે છે. સદરહું ખેતી જમીન અમારા અસીલ ખરીદ કરવા માંગતા હોય સદરહું મિલ્કત અંગે કોઈ પણ બેન્ક સંસ્થા કે વ્યકિત કોઈપણ જાતનો હક્ક હિત કે હિસ્સો કે ગીરો કબજો કે બક્ષીસ હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેલ દિવસ ૦૭ દિવસમાં અમો નિચે સહી કરનાર પાસે રજુ કરશો જો સમય મર્યાદા કોઈના તરફ કોઈપણ વાંધો કે તકરાર રજુ થશે. નહી તો સદરહું મિલ્કત પર પ્રત્યે કોઈપણ ને વાંધો કે તકરાર છે નહી. અને હોય તો સ્વૈચ્છાએ (WAIVE) કરેલ છે. તેમ માની ને અમો સદરહું ખેતીની જમીનનો કાયદેસરનો અવેજ ચુકવી અમારા અસીલ વેચાણ દસ્તાવેજો સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવી કરાવી લેશો. ત્યારબાદ કોઈનાં કોઈ પણ જાતનાં વાંધા તકરાર રજુ થશે. તો અમારા અસીલને બંધન કર્તા રહેશે. જેની નોંધ લેશો.

તે અમારા અસલની સુચનાથી
વાળા સુરગભાઈ વાલેરાભાઈ

તારીખ : ૧૯/૦૭/૨૦૨૫
સ્થળ : કુંકાવાવ મોટી
રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી.મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૭૦૦ | ૯૫૦ |
| ૨ | તલ | ૧૧૦૦ | ૧૫૮૫ |
| ૩ | શીંગ ફાડા | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ૪ | સોયાબીન | ૭૮૦ | ૭૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૬ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૧૭ |
| ૩ | ચણા | ૧૦૬૫ | ૧૧૫૧ |
| ૪ | તલ સફેદ | ૧૧૫૦ | ૧૮૦૦ |
| ૫ | સોયાબીન | ૭૭૫ | ૭૮૨ |
| ૬ | શીંગદાણા | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ૭ | ધાણા | ૧૨૬૦ | ૧૨૭૦ |

## પાના ૧ ઉપરનું ચાલું બગસરામાં દેશી–વિદેશી દારૂનું

રહ્યા હોઈ તેવી ચર્ચા પણ શહેરમાં ઉઠવા પામી છે. જયારે એટલું જ નહિ પણ શહેરમાં કાયદો વ્યવસ્થા જાણે ખોરવાઈ ગઈ હોય તેમ શહેરમાં યંત્ર જુગાર, વરલી મટકાના જુગાર તેમજ દારૂનું તો જાણે પાણીની જેમ વેચાણ તેમજ રોમિયોગીરી અને લુખ્ખાઓનો ત્રાસ વધી ગયેલ હોય. ત્યારે પોલીસ શહેરમાં નામશેષ હોઈ તેવું લાગી રહ્યું છે.

બુટલેગરો બેફામ બની જાણે શહેરમાં પોલીસ છે જ નહિ તેમ શહેરના ખૂણે ખાચરે દારૂ વેચી રહ્યા છે. જેના લીધે વેપારીઓ તેમજ સામાન્ય માણશોને ભારે હલાકીનો સામનો કરવો પડે છે. હાલમાં શહેરમાં મંદી જેવો માહોલ ઉભો થયો છે ત્યારે યંત્ર જુગાર અને વરલી મટકા તેમજ જુગારના લીધે જુગાર રમવાના શોખીન લોકો વ્યાજે રૂપિયા લઈને જુગાર રમી રહ્યા છે અને તેના લીધે ધંધા રોજગાર ઉપર માઠી અશર જોવા મળી રહી છે. આવી સ્થિતિના કારણે યુવા ધન બરબાદી તરફ વળી રહેલ છે.

શહેરમાં અસામાજિક તત્વો બેફામ બની કાયદો વ્યવસ્થાને નેવે મૂકી હોઈ તેમ શહેરમાં રોમિયોગીરી તેમજ લુખ્ખાઓનો ત્રાસ પણ ખુબ વધી ગયો છે. જેના લીધે માતાઓ તેમજ બહેનોને એકલું નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે.

હાલમાં શહેરમાં દારૂ તો જાણે શેરીએ અને ગલીએ વેચાઈ રહ્યો છે જેના લીધે લોકો દારૂ પીઈને ખાલી બોટલો પણ શહેરમાં આવેલ દુકાનોના સટર પાસે જ રાખી દેતા હોઈ છે. આવી પાર્ટી કરવાવાળા લોકો ગમે તે સ્થળે પાર્ટી કરી રહ્યા છે, જાણે શહેરમાં પોલીસ છે જ નહિ તેવું લાગી રહ્યું છે. આટલી હદે કાયદો વ્યવસ્થા ખોરવાઈ ગયેલી છે. જેના લીધે ધંધા રોજગારને પણ માઠી અશર જોવા મળી રહી છે. તો આવી વિકટ સ્થિતિમાં પોલીસ દ્વારા આવા લોકો ઉપર કડક કાર્યવાહી કરવામાં આવે અને રાજકીય નેતાઓ તેમજ સામાજિક સંસ્થાઓ પણ આ બાબતને ગંભીરતા લઈ કાર્યવાહી હાથ ધરે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

શહેરના નામચીન રાજકીય નેતાની દુકાન પાસે પણ પાર્ટી કરી ખાલી બોટલો તેનાજ સટરના ઓટલા પાસે રાખી પોલીસને પડકાર આપતાં બુટલેગરો.



## જાહેર નોટિસ

આથી આ જાહેર નોટિસથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. કે અમરેલી જિલ્લાનાં ઢોલરવા ગામે આવેલ ખેતી જમીનના ખાતા નં.૫૧૫ થી નોંધાયેલ ખેતીની જમીન મિલ્કત જે સર્વે નં. ૪૯ હે. આરે ચો.મી. ૪–૨૮–૭૧ આકાર ૧૭.૦૫ આ મિલ્કત વાળા દડુભાઈ વાલેરાભાઈના સુંવાગ માલીકીના હક્કમાં ચાલે છે. સદરહું ખેતી જમીન અમારા અસીલ ખરીદ કરવા માંગતા હોય સદરહું મિલ્કત અંગે કોઈ પણ બેન્ક સંસ્થા કે વ્યકિત કોઈપણ જાતનો હક્ક હિત કે હિસ્સો કે ગીરો કબજો કે બક્ષીસ હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેલ દિવસ ૦૭ દિવસમાં અમો નિચે સહી કરનાર પાસે રજુ કરશો જો સમય મર્યાદા કોઈના તરફ કોઈપણ વાંધો કે તકરાર રજુ થશે. નહી તો સદરહું મિલ્કત પર પ્રત્યે કોઈપણ ને વાંધો કે તકરાર છે નહી. અને હોય તો સ્વૈચ્છાએ (WAIVE) કરેલ છે. તેમ માની ને અમો સદરહું ખેતીની જમીનનો કાયદેસરનો અવેજ ચુકવી અમારા અસીલ વેચાણ દસ્તાવેજો સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવી કરાવી લેશો. ત્યારબાદ કોઈનાં કોઈ પણ જાતનાં વાંધા તકરાર રજુ થશે. તો અમારા અસીલને બંધન કર્તા રહેશે. જેની નોંધ લેશો.

તે અમારા અસલની સુચનાથી
વાળા સુરગભાઈ વાલેરાભાઈ

તારીખ : ૧૯/૦૭/૨૦૨૫
સ્થળ : કુંકાવાવ મોટી
રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી.મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)



## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૨૧ | ૧૦૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૪૫૦ | ૧૮૨૧ |
| ૩ | તલ કાળા | ૨૬૫૦ | ૩૭૦૦ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૧ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૩૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૭૬ |
| ૭ | જુવાર | ૪૭૧ | ૮૫૦ |
| ૮ | મગ | ૧૪૫૧ | ૧૬૧૬ |
| ૯ | ચણા | ૧૧૩૪ | ૧૧૯૦ |
| ૧૦ | એરંડી | ૫૦૦ | ૫૦૦ |
| ૧૧ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૨ | મેથી | ૯૫૦ | ૯૫૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૫૦૦ |

### કેન્સર સર્જન ડો. મનોજ મહેતા પરિવાર દ્વારા

# ટીંબી : શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલનાં અન્નક્ષેત્રને રૂપિયા ૨૫ લાખનુ અનુદાન

### ટ્રસ્ટી બી.એલ. રાજપરાએ આભાર માન્યો



ટીંબી, તા. ૧૯

અમરેલી સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલની નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાઓથી પ્રભાવિત રાજકોટ સ્થિત સૌરાષ્ટ્રનાં સૌપ્રથમ કેન્સર સર્જન કે જેમણે ૬ હજારથી વધુ કેન્સરનાં મેજર ઓપરેશનો વિનામૂલ્યે કરીને સેવાનું એક ઉમદા ઉદાહરણ પુરૂ પાડેલ છે. તેવા ડો. મનોજ મહેતા અને તેઓનાં મુંબઈ સ્થિત સંબંધી રાજનભાઈ મથુરિયા તા. ૧૬/૭/૨૫નાં રોજ હોસ્પિટલની બીજી વખત શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા. હોસ્પિટલ સંચાલિત ગુરૂકૃપા અન્નક્ષેત્રનાં ભોજનાર્થીઓ માટે રૂપિયા પચ્ચીસ લાખ પુરાનાં અનુદાન આપવાનો સંકલ્પ તેઓનાં વિશ્વાસુ અને હોસ્પિટલનાં વહીવટકર્તા ટ્રસ્ટી બી.એલ. રાજપરાને કરેલ. આ રકમ બેંક ખાતામાં ટ્રાન્સફર કરીને ચુકતે જમા રકમ આવી ગયેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ દાતા દ્વારા એપ્રિલ–૨૦૨૫માં રૂા. ૧૧ લાખનું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

હોસ્પિટલ ટ્રસ્ટીમંડળે ઉદારદિલ દાતાનો આભાર માનેલ છે.

### તાજેતરમાં મળેલ બેઠકમાં સર્વાનુમતે નિર્ણય થયો

# અમરેલી : જીઆઈડીસી અને ઈન્ડસ્ટ્રીઝ એસોસીયેશનનાં પ્રમુખ તરીકે શીતલ આઈસ્ક્રીમનાં દિનેશભાઈ ભુવાની વરણી

### ઉપપ્રમુખ, મંત્રી, ખજાનચી અને કારોબારી સદસ્યોની પણ વરણી



અમરેલી, તા. ૧૯

અમરેલીનાં જીઆઈડીસી અને સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનનાં પ્રમુખ તરીકે શીતલ આઈસ્કીમના દિનેશભાઈ ભુવાની સર્વાનુમતે બિનહરિફ વરણી કરવામાં આવી છે.

તાજેતરમાં મળેલ બેઠકમાં પ્રમુખ સહિતનાં તમામ હોદ્દેદારોની બિનફરીફ વરણી કરવામાં આવી છે. જેમાં ઉપપ્રમુખ તરીકે કનુભાઈ ગોજારિયા, વિનુભાઈ મેતલીયા, મંત્રી જીજ્ઞેશભાઈ મોદી, હિંમતભાઈ ખણેચા, અશોકભાઈ બાવળવા, ખજાનચી તરીકે અરજણભાઈ શિંગાળા, બિપિનભાઈ ગજેરા, રસીકભાઈ પાથર અને કારોબારી સંજય તરીકે વિઠલભાઈ બાંભરોલીયા, ભુપેન્દ્રભાઈ લુવાર અને ચંદુભાઈ ચાઉં, જયવંતભાઈ ફીણાવા, ભૌતિકભાઈ ભોળાભાઈ, નાથાલાલ ભંડેરી, સંજયભાઈ પરીખ, ચંદુભાઈ ખણેચા, સુધીરભાઈ રાજા, દિલાભાઈ ભાલાળા, નિખિલ પરમાર, રમેશભાઈ કાવઠીયા, ચંદુભાઈ કાથરોટીયા, અશોકભાઈ જાવિયા, શશીકાંતભાઈ રાજા, માણેકભાઈ બરવાળીયા, જગદીશભાઈ બાબરીયા, પ્રવીણભાઈ ફીણાવા, હિમાંશુભાઈ ગોલ, પ્રમુખ દિનેશભાઈ ભુવાએ નિમણુંક બદલ સૌનો આભાર માની–જૂની ટીમના સર્વે સભ્યોને સાથે રાખી એસોસીએશનના પ્રશ્નોને યોગ્ય જગ્યાએ રજૂઆત કરી યોગ્ય રીતે નિકાલ કરવા પૂરતા પ્રયત્નો હાથ ધરવામાં આવશે તેમ જણાવી હૃદયપૂર્વક સૌ સદસ્યોનો આભાર માનેલ છે.

### પાલિકા પ્રમુખ બિપિનભાઈ લીંબાણીની સાથે

# અમરેલીનાં શિવભકત જાનીદાદાનાં નિવાસ સ્થાને મુલાકાત લેતા નાયબ દંડક વેકરિયા

### પરિવારજનોમાં ખુશીનો માહોલ છવાયો



અમરેલી, તા. ૧૯

ગુજરાત સરકારના નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા અમરેલીના નાગનાથ મંદિરના ખાસ ઉપાસક અરવિંદભાઈ જાનિદાદાના ઘરે શુભેચ્છા મુલાકાત કરી. ત્યારે જાનિદાદા અને તેમના પરિવારે નાગનાથ દાદાનો ફોટો સપ્રેમ ભેટ આપેલ છે ત્યારે નગરપાલિકાના પ્રમુખ તથા નગરપાલિકાના સદસ્ય અને રોશની ચેરમેન ચિરાગભાઈ ત્રિવેદી તથા તેમના કાર્યકરો સાથે રહયા હતા.

# અમરેલી ખાતે વિશ્વ વસ્તી ઝુંબેશની ઉજવણી કરાઈ



અમરેલી, તા. ૧૯

આરોગ્ય વિભાગ દ્વારા વસ્તી સ્થિરતા અને વસ્તી વધારા બાબતે જાગૃતિ લાવવા તાલુકા અને જિલ્લા કક્ષાએ વિવિધ પ્રવૃત્તિ સાથે ૧૧ જુલાઈના રોજ વિ વસ્તી દિવસની ઉજવણીની સાથે સાથે તારીખ ૧૧ થી ૧૮ જુલાઈ દરમિયાન "માં બનવાની ઉમર એ જ, જયારે શરીર અને મન તૈયાર હોય"ની થીમ સાથે વિ વસ્તી દિવસ ઝુંબેશની ઉજવણી કરવામાં આવી હતી.

ઉપરોકત ઉજવણીના ભાગરૂપે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાવંડ ખાતે તા.૧૯/૭/૨૦૨૫ના રોજ જિલ્લા કક્ષાના NSV (પુરૂષ નસબંધી) કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમા ભાવનગરથી આવનાર NSV સર્જન ડો. બોરિચાએ સેવા આપી હતી. આ જિલ્લા કક્ષાના કેમ્પમાં કુલ ૩ NSVના ઓપરેશન કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય કર્મચારીઓએ પ્રોત્સાહક કામગીરી કરી હતી.

આ સફળ કેમ્પના અનુસંધાને પુરૂષ નસબંધી (NSV) કરાવવા માટે વધુમાં વધુ લાયક પુરૂષો આગળ આવે અને લાભ લે તેવુ જિલ્લા આરોગ્ય અધિકારીની યાદિમા જણાવ્યુ છે.

### "તા. ૨૫ જુલાઈથી તા. ૪ ઓગસ્ટ સુધી દશામાનું વ્રત"

# દશામાઁના વ્રત દરમ્યાન ઢોંગી ભૂઈમાંથી સાવધાન રહેવા વિજ્ઞાન જાથાની અપીલ


### ધૂણીને છેતરપિંડી કરતી ભૂઈમા ઉપર જાથા કાનુની કાર્યવાહી કરશે

અમરેલી, તા. ૧૯

અમદાવાદ : આપણા દેશમાં છેલ્લા કેટલાંક વર્ષોથી શ્રાવણ માસની એકમથી દસમ સુધી તથા આ વર્ષે તા. ૨૫ મી જુલાઈથી ૪ થી ઓગસ્ટ સુધી આરાધ્ય દેવી દશામાઁના વ્રતનો પ્રારંભ, પૂજન, અર્ચન મહિમા અનેક રીતે ઉજવણી પ્રદેશ પ્રમાણે કરવામાં આવે છે. દશામાઁના વ્રતનું ગૌરવ, ધાર્મિક અનુસરણ પ્રમાણે વિધિ–વિધાન થાય, ઉજવણી શ્રદ્ધા પ્રમાણે થાય તેનો કદી પણ વિરોધ હોય શકે નહીં. સૌને આદર, વંદન માતાજી તરફ હોય તે સ્વાભાવિક છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દશામાઁના વ્રત દરમ્યાન અમુક લેભાગુઓ, ભુવા–ભારાડી, ભૂઈમા, તકસાધુઓ, ચમત્કારિકો શ્રદ્ધાના માહોલમાં યુકિત, પ્રયુકિત, ચમત્કારો કરી છેતરપિંડી કરે છે તેનો વર્ષોનો અનુભવ હોય ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી સખ્ત શબ્દોમાં વખોડી વિરોધ કરી ધૂણતી ઢોંગી ભૂઈમાંથી સાવધાન રહેવા અપીલ કરવામાં આવી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે શુક્રવાર તા. ૨૫ મીથી દશામાઁના વ્રતનો પ્રારંભ થાય છે. દેશમાં શ્રદ્ધાપૂર્વક ધાર્મિક ઉત્સવ ઉજવવો સૌ નાગરિકોને અબાધિત અધિકાર છે. વ્રતના સ્થાપન–પુર્ણાહુતિએ શ્રદ્ધાળુઓએ આરોગ્યની જાળવણી રાખવી સૌના હિતમાં છે. કહેવાતા ચમત્કારો–પરચાઓ વિજ્ઞાનને કારણે ગાયબ થઈ ગયા છે. સાદગીથી પોતાના ઘરમાં જ ઉજવણી થાય તે જરૂરી છે. વર્ષોની લોકજાગૃતિના કારણે દશામાઁની ભૂઈમાના પરચા ઓસરતા થઈને હવે નહિંવત જોવા મળે છે. મેટ્રો શહેરમાં અમુક વિસ્તારમાં આજે પણ ધાર્મિક ઉન્માદ જોવા મળે છે તેમાં જાથા વિવેકથી કામગીરી કરે છે. તા. ૪ થી ઓગસ્ટે જાગરણના દિવસે મૂર્તિના વિસર્જન સ્થળે પૂજન–અર્ચન કરેલ દશામાઁની મૂર્તિની અવદશા દયનીય જોવા મળે છે તેમાં ફેરફાર કરવો અતિ જરૂરી છે. પીવાના પાણીમાં કદી પણ મૂર્તિનું વિસર્જન કરવું નહિ.

વધુમાં જણાવે છે કે વિજ્ઞાનના કારણે પૃથ્વી ઉપર અવતારો–ચમત્કારો–પરચાઓ બંધ થઈ ગયા છે. દશામાઁની ભૂઈના પરચા બેબુનિયાદ સાબિત થયા છે છતાં પણ જાથા દર વર્ષે દશામાઁના વ્રત સમયે શ્રધ્ધાળુઓ છેતરાય નહિ તે માટે લોકજાગૃતિનું કામ કરે છે. વર્ષોના અભિયાન પછી મહદ્ અંશે સફળતા જોવા મળેલ છે. ઉન્માદમાં ઓટ જરૂર આવી છે. દશામાઁના વ્રતના અભિયાનના જાથાના ૨૩મા વર્ષે જાગૃતિ લાવવા જનસમાજ સમક્ષ હકિકત મુકે છે તેમાં ૨૩ વર્ષથી વ્રત દરમ્યાન ૨૭૩૦ મહિલાઓ ધૂણતી નજરે પડી હતી તેમાંથી છેતરપિંડી કરતી ૯૦૩ ભૂઈમાઓનો પર્દાફાશ કરી ચોંકાવનારી હકિકત બહાર આવી હતી. આ વ્રતમાં ચાલાક ભૂઈમાનો છેતરપિંડીનો ધંધો થઈ ગયો છે. તેથી જાથા વિરોધ કરે છે. દશામાના ભકતો–શ્રદ્ધાળુઓએ આ વ્રત દરમ્યાન જાગૃતિ રાખવાનો સમય પાકી ગયો છે. દશામાના વ્રત દરમ્યાન ઢોંગી, અમુક ભૂઈમા–ભુવા, લેભાગુઓ, તકસાધુઓ હાથ–પગ, મોંમાથી કંકુ કાઢવું–નીકળવું, કંકુના પગલા,



મૂર્તિ–સાંઢણીનું દૂધ પાણી પીવું, જમીનમાંથી એકાએક મૂર્તિ નીકળવી, ફળ, શાકભાજીમાં દેવ–દેવીના દર્શન થવા તેવા અવનવા ગતકડાના ચમત્કારોનું સર્જન કરી લોકોને ભરમાવવામાં કે ભીડ એકઠી કરવાના નુશ્કા જોવા મળશે. ખોટા ચમત્કારોથી પ્રભાવિત ન થવા કે અફવામાં દોરાવું નહિ તેવી જાથા અપીલ કરે છે.

વધુમાં જણાવ્યું કે આ વ્રત દરમ્યાન બનાવટી, અતાર્કિક, ચમત્કારિક યુટયુબ ઉપર થતી ચમત્કારિક કથાઓ અને વાર્તાઓ, પત્રિકાઓ, પુસ્તિકાઓ, ફિલ્મો હેતુપૂર્વક બહાર પાડી દર્શાવીને ભ્રમીત કરીને પ્રચાર અને વેચાણ કરવામાં આવે છે. વાસ્તવમાં દશામાના નામે છેતરપિંડી જ છે. શ્રદ્ધાના માહોલમાં છેતરપિંડીનું કારસ્તાન છે. દેશભરમાં શ્રાવણ માસથી કાર્તિક માસ સુધી અવનવા ભ્રામક ચમત્કારોનું સર્જન કરી લૂંટ કરવામાં આવે છે. જાથાએ નજરે જોયું છે કે ગામના કે સ્થાનિક રહેવાસીઓ જાગૃતિ રાખી પોલીસ કે સરકારી તંત્રની મદદથી અટકાવી સત્ય હકિકત નાગરિક ધર્મની રૂએ મુકી શકે છે. દશામાનો વ્રત ઉજવવો, ધાર્મિક લાગણી રાખવી સૌનો હક્ક છે. માતાજી હંમેશા વંદનીય હોય પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દશામાના વ્રતે જે હરણફાળ પ્રગતિ ચમત્કારના નામે અને યુકિત–પ્રયુકિતના કારણે કરી છે તેનો વિરોધ છે. અમુક કથાવસ્તુ તો સાવ બોગસ, નિરાધાર, તર્કટ, બીનપાયાદાર કપોળ કલ્પિત મનસ્વી મનની ઉપજથી બનાવવામાં આવેલી છે તે ભોળા, શ્રદ્ધાળુઓ ખોટું અનુસરણ કરવાથી બરબાદીને નોતરે છે તેથી સાવધાન રહેવા જાથા અપીલ કરે છે.

વિશેષમાં જણાવ્યું કે દશામાના વ્રત દરમ્યાન દેશભરમાં કરોડોનો કારોબાર જોવા મળે છે. બનાવટી, છેતરપિંડી કારોબારનો સદૈવ જાથા વિરોધ કરે છે. અજ્ઞાન, અશિક્ષિત, ભોળા, ગરીબ લોકો જ ભોગ બને છે. દશ દિવસ સુધી દશામાનું વ્રત કરનાર પરિવાર અસ્તવ્યસ્ત થઈ જાય છે. દૈનિક જીવનપદ્ધતિ ખોરવાઈ જાય છે. બાળકોનું શિક્ષણ બગડે છે. પરિવારમાં અશાંતિનો માહોલ જોવા મળે છે. અમુક પરિવાર આ વ્રત દરમ્યાન જાથાની મદદ માંગે છે. છેલ્લા ૩૨ વર્ષમાં જાથાએ ધૂણતી અનેક ભૂઈમા, ઢોંગી મહિલાઓને પૂછવાથી કે તપાસવાથી એકપણ સાચી નીકળી નથી તમામ ખોટી સાબિત થઈ છે. છેલ્લા વર્ષોમાં દશામાના વ્રત દરમ્યાન ભૂઈમાનો પતિ જ જાથાને રજૂઆત કરી પર્દાફાશનો આગ્રહ રાખે છે. અમુક પતિ તો પોતાને ધૂણીને ધબ્બો મારી માર મારે છે તેના ત્રાસની હકિકતથી જાથાને વાકેફ કરે છે. ધાર્મિકતાના કારણે લોકો મૌન રહેવાનું પસંદ કરે છે. વ્રત દરમ્યાન ભૂઈમા પોતાની શેરી, ઘર આસપાસ રહીશોને બેહદ ત્રાસ આપી ઢોલ–નગારા, ધૂપ–ધુમાડા, ઘોંઘાટ, ધુણવું, અબીલ–ગુલાલ ઉડાડવો, માનસિક ત્રાસ આપી હેરાન કરતા હોવાની હકિકત જાથાને આપવામાં આવે છે જેથી લોકોએ સ્વયંભુ વિરોધ કરી પરિસ્થિતિ પ્રમાણે કાયદાનું અનુસરણ કરવું જોઈએ. રજૂઆત સાચી હોય તો પોલીસ તંત્ર વાસ્તવમાં નાગરિકને મદદરૂપ થાય છે.

વિશેષમાં જણાવ્યુ કે દશામાના વ્રતની સમાપ્તિ–પુર્ણાહુતિએ માતાજીની મૂર્તિઓ પીવાના પાણીમાં પધરાવી નહિ. પીવાના ડેમ, ચેક ડેમ, નદી–નાળામાં મૂર્તિઓ પધરાવવાથી પાણી પ્રદુષિત થશે. પાણીજન્ય રોગનો ભોગ લોકો ન બને તે માટે મૂર્તિઓને ખાસ જગ્યાએ પધરાવવા જાથા અનુરોધ કરે છે. છેલ્લા કેટલાક વર્ષથી જાથાના પ્રયાસથી દશામાની ભૂઈમાઓએ ધૂણવાનું સ્વયંભુ બંધ કરી ત્રાસ ઓછો આપે છે.

રાજયમાં જિલ્લા મથકોએ કાર્યવાહક સમિતિ બનાવી છે તે વ્રતના દશ દિવસ સુધી ઢોંગી ભૂઈ–ભુવા, લેભાગુઓ ઉપર નજર રાખશે. છેતરપિંડીના પુરાવા અને ફરિયાદીની મદદથી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવશે. સ્થાનિક લોકોએ સાક્ષી–પુરાવામાં મદદરૂપ થવું પડશે. જાથા તટસ્થ ન્યાયસુસંગત જ કાર્યવાહી ખરાઈ કરીને જ કરશે. અમુક કિસ્સામાં જાથાની જાણ બહાર કે સંસ્થાનું નામ લઈ વ્રત દરમ્યાન કોઈ વિક્ષેપ, ડરાવે, ધમકાવે તો સાવધાન રહેવું. જાથા ધાર્મિક ઉજવણીમાં સ્થળ ઉપર જતું નથી કે વિક્ષેપ કરતું નથી. જાથા કદી કોઈની લાગણી દુભાવતું નથી. જાથાના નામે ફોન, રૂબરૂ કે મોબાઈલ આવે તો ખરાઈ કરવા અપીલ કરવામાં આવે છે. અમુક હિતશત્રુઓ જાથાને બદનામ કરવા જે પ્રયાસો કરે છે તેને વખોડવામાં આવે છે.

રાજયમાં શુક્રવારથી વ્રતની શરૂઆત હોય જિલ્લા રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ખેડા, આણંદ, નડિયાદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, નવસારી, વલસાડ, વાપી, રાજપીપળા, હિંમતનગર, છોટાઉદેપુર, મોડાસા, દાહોદ, પંચમહાલ, મહિસાગર, કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, અમરેલી, બોટાદ, ભાવનગર, ગિર સોમનાથ, જુનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર, જિલ્લા–તાલુકા મથકોએ કાર્યવાહક કમિટી બનાવી છે તેને વડી કચેરી તપાસ કરીને જ સ્થળ ઉપર ઢોંગી ભૂઈના પાસે મોકલાવામાં આવશે. ધાર્મિક વ્રતમાં કોઈપણ પ્રકારનો જાથા વિક્ષેપ કરતું નથી. શ્રદ્ધાળુઓની લાગણીને ધ્યાનમાં રાખવામાં આવે છે.

જાથાના સદસ્યો નાથાભાઈ પીપળીયા, પ્રમોદભાઈ પંડયા, દિનેશભાઈ હુંબલ, નિર્મળ મેત્રા, નિર્ભય જોશી, રાજુભાઈ યાદવ, ભકિતબેન રાજગોર, ભાનુબેન ગોહિલ, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, હર્ષાબેન પંડયા એડવોકેટ અને શાખાઓના કાર્યકરો સંકલન કરી શ્રધ્ધાની આડમાં છેતરાય નહિ તે સંબંધી જાગૃતિ કેળવવાના છે.રાજયમાં દશામાના વ્રત દરમ્યાન ધૂણીને ઢોંગ કરતી ભ્રામક પ્રચાર કરતી ભૂઈમાઓ વિશે માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા કાર્યાલય મંત્રી અંકલેશ ગોહિલની યાદીમાં જણાવાયું છે.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનના પ્રાંગણમાં પર્યાવરણની જાગૃતિ માટે તુલસી બીજનું વાવેતર



અમરેલી, તા. ૧૯

અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનના પ્રાંગણમાં દિવ્ય ભાસ્કરની પર્યાવરણ જાગૃતિની પહેલને અનુલક્ષીને 'એક વૃક્ષ, એક જીવન' સુત્રને સાકારિત કરતા તુલસી બીજને કુંડામાં વાવતેર કરી પર્યાવરણના રક્ષણ માટે બાળકોમાં જાગૃતિ આવે અને તુલસીની સાંસ્કૃતિક ઓળખ નવી પેઢીમાં પ્રસ્થાપિત થાય તેવા ઉદ્દેશથી બાળકોને હસ્તે તુલસી બીજનું કુંડામાં વાવેતર કરી પર્યાવરણ જાગૃતિને સંદેશ સમાજમાં પહોંચાડવાનું ઉમદા કાર્ય શાળાના બાળકોએ કર્યુ હતું.

સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા તથા વિલાસબેન વઘાસીયાએ શાળાના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓને પર્યાવરણ રક્ષણની જાગૃતિના અભિયાનમાં જોડાવા અને વૃક્ષો પ્રત્યેનો લાગણીશીલ દ્રષ્ટિકોણ અપનાવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. વૃક્ષો વાવી પર્યાવરણ રક્ષણ માટેની સંદેશ આપવા બદલ હૃદયપૂર્વકની શુભકામના આપી હતી.

# ચાવંડ ખાતે યોજાયેલ કુટુંબ નિયોજન કેમ્પમાં 3 એનએસવી ઓપરેશન થયા

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લા પંચાયત આરોગ્યશાખાદ્વારા વસ્તીસ્થિરતાજાળવવા અને વસતિ વધારા બાબતે જાગૃત્તિ લાવવા તાલુકા અને જિલ્લા કક્ષાએ વિવિધ પ્રવૃત્તિ સાથે તા.૧૧ જુલાઈના રોજ વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણીના ભાગરૂપે તા.૧૧ જુલાઈ થીતા.૧૮ જુલાઈ દરમિયાન વિશ્વ વસ્તી દિવસ અંતર્ગત ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. 'મા બનવાની ઉમરે જ, જયારે શરીર અને મન તૈયાર હોય' આ ઝુંબેશ અંતર્ગત એક સપ્તાહ દરમિયાન જાગૃત્તિ પ્રસરાવતા કાર્યક્રમો યોજાયા હતા.

આ ઉજવણીના ભાગરૂપે અમરેલી જિલ્લાના ચાવંડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તા.૧૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ જિલ્લા કક્ષાના એનએસવી (પરૂષ નસબંધી) કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ભાવનગરથી આવેલા સર્જન ડો. બોરિયા દ્વારા સેવા આપવામાં આવી હતી.

જિલ્લા કક્ષાના કેમ્પમાં ૦૩ એનએસવી (પરૂષ નસબંધી) ઓપરેશન કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત લોકજાગૃત્તિ અને કુટુંબ નિયોજનની જનજાગૃત્તિ પ્રસરાવવા અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ માર્ગદર્શન પરૂ પાડયું હતું. આ કેમ્પના અનુસંધાને પરૂષ નસબંધી (એનએસવી) કરાવવા માટે વધુમાં વધુ લાયક પરૂષો સ્વેચ્છાએ આગળ આવે અને પરૂષ નસબંધી (એનએસવી)નો લાભ લેવા અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ એક યાદીમાં અનુરોધ કર્યો છે.

# અમરેલી : તા. ૨૧ મીએ આઈ.ટી.આઈ. ખાતે ભરતી મેળો

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લાના યુવાનોને RELIANCE INDUSTRIES LIMITED (SOLAR MANUFACTURING) JAMNGARમાં રોજગારની તક છે.

ખાલી જગ્યાઓને અનરૂપ બી.ઈ., ડિપ્લોમા, આઈ.ટી.આઈ., બી.એસસી સહિતની શૈક્ષણિક લાયકાત ધરાવતા અને ૧૮ થી ૩૦ વર્ષની વયમર્યાદા હોય તેવા રોજગારવાંચ્છુ માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા.૨૧ જુલાઈ, ૨૦૨૫ સોમવારના રોજ સવારે ૧૧ કલાકે અમરેલી લાઠી રોડ સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ. કેમ્પસ) ખાતે ભરતીમેળો યોજાશે. ભરતીમેળામાં આધારકાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહેવું.

અનુબંધમ પોર્ટલ https:anubandham.gujrat.in/account/signup પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

### ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં

# સાવરકુંડલા ખાતે નવનિર્વાચિત સરપંચોનો અભિવાદન સમારોહ અને વિકાસ કાર્યોની સમીક્ષા યોજાઈ

### જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી પણ ઉપસ્થિત રહ્યા



સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા તાલુકા પંચાયત ખાતે નવ નિયુકત સરપંચોનો અભિવાદન સમારોહ અને સરકારના યોજનાકીય વિકાસલક્ષી કામોની સમીક્ષાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન માનનીય ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ નવનિર્વાચિત સરપંચઓને વિકાસના કામો અને ગ્રામ્ય કક્ષાએ લોકોના કામો ઉત્સાહપૂર્વક પૂર્ણ કરવા માટે માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા. તેમણે ગ્રામીણ વિકાસમાં સરપંચોની ભૂમિકાને અત્યંત મહત્વપૂર્ણ ગણાવી હતી.

આ ઉપરાંત, માનનીય પ્રાંત અધિકારી જીલે સમય મર્યાદામાં વિકાસના કામો પૂર્ણ કરવા પર ભાર મૂકયો હતો અને આ અંગે જરૂરી સૂચનો કર્યા હતા. તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા દ્વારા નવ નિયુકત સરપંચોને શુભકામના પાઠવી તેમજ વિકાસલક્ષી કાર્યોમાં જયાં મદદરૂપ જણાય ત્યાં હમેશા સાથે રહીને પ્રમખ તરીકે મદદરૂપ બનીશ. તાલુકા વિકાસ અધિકારી દ્વારા ઉપસ્થિત સૌને સરકારની વિવિધ યોજનાકીય વિકાસના કામોથી માહિતગાર કરવામાં આવ્યા હતા અને સમય મર્યાદામાં આ કામો પૂર્ણ થાય તે અંગે નમ્ર વિનંતી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નવનિર્વાચિત સરપંચોને અભિનંદન આપવાનો અને તેમને ગ્રામ વિકાસના કાર્યોમાં સક્રિય યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, નાયબ કલેકટર જીલ, મામલતદાર પંડ્યા, જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, તાલુકા વિકાસ અધિકારી વાઘાણી, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરિયા, સરપંચ એસોસિયાન પ્રમુખ હિતેશભાઈ ખાતરાણી, જિલ્લા પંચાયત સદસ્ય, તાલુકા મંડળના હોદેદારઓ, તાલુકા પંચાયત સદસ્ય તેમજ દરેક ગામના સરપંચઓ અને સભ્યઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભુખલીસાંથળી અને સારંગપુર પ્રા. શાળામાં મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલકની આવશ્યકતા

અમરેલી તા. ૧૯

વડીયા તાલુકાની ભુખલીસાંથળી પ્રાથમિક શાળા કેન્દ્ર નં.૩૭ અને સારંગપુર પ્રાથમિક શાળા કેન્દ્ર નં.૫૨માં મધ્યાહન ભોજન કેન્દ્ર સંચાલકની આવશ્યકતા છે.

આ માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૨૪ જુલાઈ, ૨૦૨૫ સુધીમાં અરજી કરવી. સંચાલકની જગ્યા માટે ધો.૧૦ પાસ હોય તેવી સ્થાનિક વ્યક્તિ અને જો ધો. ૧૦ પાસ સ્થાનિક વ્યક્તિ ન હોય તો ધો.૭ પાસ ઉમેદવારને તક મળશે.

આ જગ્યાઓ માટે નિયત નમૂનાનું અરજી પત્રક તા.૨૧ જુલાઈ, ૨૦૨૫ સોમવાર સુધીમાં કચેરી સમય દરમિયાન વડીયા તાલુકા મામલતદાર કચેરી ખાતેથી મધ્યાહન ભોજન શાખા (મ.ભ.યો) ખાતેથી મેળવવું.

આ અરજીપત્રક જરૂરી વિગતો ભરીને આધાર સાથે તા.૨૪ જુલાઈ, ૨૦૨૫ના રોજ બપોરે ૨ કલાક સુધીમાં વડીયા તાલુકા મામલતદાર કચેરી ખાતે પહોંચાડવું. આ જગ્યાઓ માટે સરકારના નિયમોનુસાર માનદ વેતન મળવાપાત્ર છે. તેમ વડીયા તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યુ છે.




## એસ.ટી.નાં ડ્રાઈવર વિરૂધ્ધ ફરિયાદ

# અમરેલીનાં એસ.ટી. ડેપોનાં હાજરી માસ્તરને જાનથી મારી નાખવાની ધમકી

### સિટી પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૯

અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ ઓમનગર શેરી નં. ૧૩માં રહેતા વનરાજસિંહ ગજુભા ગોહીલ અમરેલી એસ.ટી. ડેપોમાં હાજરી માસ્તર તરીકે ફરજ બજાવતા હોય અને આરોપી અનીલભાઈ વાળા (રહે. અમરેલી) અમરેલી એસ.ટી. ડેપોમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હોય. તેમણે હાજરી માસ્તર સાથે નોકરી સોંપવા બાબતે ફોનમાં રકઝક કરતા હોય. જેથી હાજરીમાસ્તરે ફોન ઉપાડેલ નહોય જેથી આરોપી ગત તા. ૧૭ના રોજ સાંજે ૮ વાગ્યે હાજરી માસ્તરની એસ.ટી. ડેપો ખાતે આવેલ તેની ઓફીસે આવી હાજરી માસ્તરને ગાલ ઉપર બે થપ્પડ મારી તથા મનફાવે તેમ ગાળો આપી તથા તું કેમ હવે નોકરી કરે છે? તને જોઈ લઈશ અને અને હવે સારી જગ્યાએ નોકરી નહી આપે તો જાનથી મારી નાખીશ તેવી મારી નાખવાની ધમકી આપી અને હાજરી માસ્તર વિરૂધ્ધ એટ્રોસીટીની ફરિયાદ આપવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## સામાજિક સંસ્થાઓ દ્વારા ઉચ્ચકક્ષાએ રજુઆત

# જાફરાબાદનાં સામૂહિક આરોગ્ય કેન્દ્રનાં તબીબોનાં અભાવે દર્દીનારાયણ પરેશાન

### યોગ્ય ન થાય તો ઉપવાસ આંદોલનની ચીમકી

જાફરાબાદ, તા. ૧૯

જાફરાબાદ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર (સરકારી) દવાખાનામાં ત્રણ જગ્યા સામે માત્ર એમ.બી.બી.એસ. એકજ ડો. દર્દી નારાયણની સેવામાં ફરજ બજાવી રહ્યા છે અને બે ડોકટરોની જગ્યા વણપુરાયેલી છે. ઓપીડી નું ભારણ ફક્ત ને ફક્ત એકજ ડોકટર ઉપર આવે છે. જે કુદરતી ન્યાય અને સિધ્ધાત વિરૂધ છે. ઉપરાંત આ



સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કલાસ વન ડો. ની ૫, જગ્યા ખાલી છે. પરંતુ એક પણ જગ્યા ભરાયેલ નથી. આ જગ્યામાં

અનુસંધાન પાના ૬ ઉપર







## કોઈપણ અગમ્ય કારણોસર પગલું ભર્યુ

# અમરેલીનાં બહારપરા વિસ્તારમાં યુવકે ઝેરી દવા પી આત્મહત્યા કરી

અમરેલી, તા. ૧૯, અમરેલીમાં રહેતા અજયભાઈ કાનજીભાઈ જખવાડીયા નામના ૩૬ વર્ષિય યુવકે ગત તા. ૧૮ના સાડા અગ્યારેક વાગ્યે બહારપરા પોલીસ ચોકીથી સાવરકુંડલા જવાના રોડ તરફ નાળા પાસે કોઈ પણ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.







*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)